અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

18 DECEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 167 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ટ્રમ્પે વધુ 7 દેશોની નાગરિકતા પ્રક્રિયા અટકાવી : 15 દેશો પર આંશિક પ્રતિબંધ, અત્યાર સુધીમાં 39 ..

4  અહંકાર અને ગેરસમજ આ બે વસ્તુ પરિવાર અને મિત્રોથી દૂર કરી દે છે,ગેરસમજ સત્ય સાંભળવા નથી દેતું અહંકાર સત્ય...

6  ₹60 કરોડની છેતરપિંડીના કેસમાં રાજ-શિલ્પાએ મૌન તોડ્યું

7  સેન્સેક્સ 120 પોઈન્ટ ઘટીને 84,560 પર બંધ : નિફ્ટી પણ 50 પોઈન્ટ ગગડ્યો; મીડિયા, રિયલ્ટી અને કન્ઝ્યુમર....

## બિલ પાસ થતા જ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું

# લોકસભામાં પરમાણુ ઉર્જા SHANTI બિલ પસાર થયું

## જો આ બિલ કાયદો બનશે તો ખાનગી કંપનીઓ માટે ભારતના પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં પ્રવેશી શકશે : આ ઐતિહાસિક બિલને રાજ્યસભામાં રજૂ કરાશે....

**નવી દિલ્હી, તા.17**

ભારતીય રેલવેમાં મુસાફરી કરતા લોકો માટે સામાનને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે, હવે નિર્ધારિત મર્યાદા કરતા વધુ સામાન લઈ જનારા મુસાફરો પાસેથી રેલવે દ્વારા વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે. મુસાફરોની સુવિધા અને ટ્રેનમાં ભીડને નિયંત્રિત કરવા માટે અલગ-અલગ કોચ મુજબ સામાનની મર્યાદા નક્કી કરવામાં આવી છે.






ક્લાસ(કોચ) મુજબ સામાનની મર્યાદા અને નિયમો રેલવેના નવા નિયમો મુજબ, એસી ફર્સ્ટ ક્લાસમાં મુસાફરો 70 કિલો સુધીનો સામાન મફત લઈ જઈ શકશે, જ્યારે તેની મહત્તમ મર્યાદા 150 કિલો રાખવામાં આવી છે. એસી સેકન્ડ ટિયરમાં 50 કિલો અને એસી થર્ડ ટિયર કે ચેર કારમાં 40 કિલો સુધીનો સામાન મફત લઈ જવાની છૂટ મળશે. સામાન્ય મુસાફરો જે સ્લીપર ક્લાસમાં મુસાફરી કરે છે તેઓ 40 કિલો અને સેકન્ડ ક્લાસમાં 35 કિલો સુધીનો સામાન કોઈ પણ ચાર્જ વગર સાથે રાખી શકશે.

વધારાના સામાન પર લાગશે દંડ જો કોઈ મુસાફર નક્કી કરેલી મફત મર્યાદા કરતા વધુ સામાન સાથે રાખશે, તો તેણે રેલવેના ટેરિફ મુજબ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. દરેક વર્ગ માટે મહત્તમ મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે, જેની ઉપર સામાન લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહીં. રેલવે મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે મુસાફરોને મુસાફરી દરમિયાન કોઈ અગવડતા ન પડે તે હેતુથી આ જૂના નિયમોનું કડક પાલન કરાવવામાં આવશે.

સંસદના શિયાળુ સત્રનો બુધવારે 13મો દિવસ છે. સરકારે લોકસભામાં 'સસ્ટેનેબલ હાર્નેસિંગ ઓફ એટોમિક એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (SHANTI) બિલ' રજૂ કર્યું છે. આજે લોકસભામાં'વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી એટલે કે (VB-જી રામ જી) બિલ, 2025' પર ચર્ચા થઈ શકે છે.

આ પહેલા, કોંગ્રેસના સાંસદો ગૃહમાં દિવસની રણનીતિની ચર્ચા કરવા માટે કોંગ્રેસ સંસદીય પક્ષ (CPP) કાર્યાલયમાં મળ્યા હતા. કોંગ્રેસે તેના સાંસદોને વ્હીપ પણ જારી કર્યો હતો.

મંગળવારે લોકસભામાં ધ રિપીલિંગ એન્ડ એમેન્ડમેન્ટ બિલ 2025 અને 'સબકા બીમા સબકી રક્ષા' (વીમા કાયદાઓમાં સુધારો) બિલ 2025 પસાર થયા. જ્યારે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે 'વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) (VB-જી રામ જી) બિલ, 2025' રજૂ કર્યું.

આ પછી ગૃહમાં હોબાળો થયો. આજે પણ બિલના વિરોધમાં હોબાળાની શક્યતા છે. મંગળવારે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે ચર્ચા અને સલાહ વિના બિલ પસાર ન કરવું જોઈએ, તેને પાછું ખેંચીને નવો ખરડો લાવવો જોઈએ. દરેક યોજનાનું નામ બદલવાની ઘેલછા સમજાતી નથી.

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે કહ્યું કે, મહાત્મા ગાંધીનું નામ બદલવું યોગ્ય નથી. મહાત્મા ગાંધીનું નામ રાજ્યનું વિઝન રાજકીય નહીં પણ સામાજિક વિકાસનું હતું. તેમનું નામ જ હટાવવું ખોટું છે. રામનું નામ બદનામ ન કરો.

## પુતિનની દિલ્હી મુલાકાત બાદ અમેરિકાની શાન ઠેકાણે આવી! ટ્રમ્પે કર્યા PM મોદીના વખાણ....

**નવી દિલ્હી, તા.17**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર મસમોટો ટેરિફ ઝિંક્યા બાદ હવે તેમના વલણમાં નરમાશ જોવા મળી છે. ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભરપેટ વખાણ કરતા તેમને પોતાના 'મહાન મિત્ર' ગણાવ્યા છે. ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે એક્સ પર માહિતી આપી છે કે, ટ્રમ્પ ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાનો અત્યંત મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર માને છે.

ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ભારતને વિશ્વનું સૌથી પ્રાચીન સભ્યતાઓનું એક ઘર ગણાવ્યું છે. પોસ્ટમાં લખાયું છે કે, 'ભારત વિશ્વનું સૌથી જૂનું પૌરાણિક સભ્યતાઓમાંથી એક ઘર છે. આ એક અદભૂત દેશ છે અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાનું મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે. અમને વડાપ્રધાન મોદીના રૂપમાં એક મહાન મિત્ર મળ્યા છે.'

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે તાજેતરમાં જ ટેલિફોનિક વાતચીત થઈ હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય આર્થિક ભાગીદારી વધારવા અને તેને વેગ આપવા અંગે વાતચીત કરી હતી. એટલું જ નહીં ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર સમજૂતીને લઈને બંને દેશોના અધિકારીઓ વચ્ચે સફળ બેઠક યોજાઈ હતી.



અમેરિકાએ ભારતીય પ્રોડક્ટ પર 50 ટકા ટેરિફ ઝિંકેલો છે, ત્યારે આ બેઠક બાદ ટેરિફમાં રાહત મળવાની આશા છે. અમેરિકાઓ ઓગસ્ટમાં ભારતીય ઉત્પાદનો પર 25 ટકા ટેરિફ ઝિંક્યો હતો. ત્યારબાદ ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતું હોવાના કારણે નારાજ થયેલા ટ્રમ્પે વધુ 25 ટકા ટેરિફ લાદ્યો હતો. આમ અમેરિકાએ ભારત પર કુલ 50 ટકા ટેરિફ ઝિંકેલો છે. આમાં રાહત આપવા માટે બંને દેશોના અધિકારીઓ વચ્ચે અનેક વખત બેઠક યોજાઈ છે.

બીજીતરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેરિફ ઘટાડવા માટે યોજાયેલી બેઠકને સફળ ગણાવી છે. તેમણે કહ્યું છે કે, 'અમે દ્વિપક્ષીય સંબંધોમાં થયેલા સુધારા અંગે સમીક્ષા કરી છે. આ ઉપરાંત અમે પ્રાદેશિક તેમજ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરી છે. ભારત અને અમેરિકા વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ જાળવવા માટે સાથે મળીને કામ કરતા રહેશે.' જોકે પીએમ મોદીએ વેપાર સંબંધોનો સીધો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ભારત પર પહેલા 25 ટકા અને પછી રશિયા સાથે વેપાર ચાલતો હોવાના કારણે વધુ 25 ટકા ટેરિફ ઝિંક્યો હતો. ત્યારબાદ રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, વૈશ્વિક પરિદ્રશ્યમાં અમેરિકા અલગ-થલગ પડતું દેખાયું છે. અમેરિકાના ટેરિફ બોંબ બાદ ચીનના તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ યોજાઈ હતી, જેમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ (China President Xi Jinping), રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન (Russia President Vladimir Putin) અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જોવા મળ્યા હતા. આ દરમિયાન ત્રણેય દેશો નેતા વચ્ચે ગાઢ મિત્રતા પણ જોવા મળી હતી.

સમિટના થોડા મહિનાઓ બાદ, અમેરિકાનું ભારત-રશિયા પર દબાણ છતાં, રશિયાના રાષ્ટ્રપ્રમુખ ભારતની મુલાકાતે આવ્યા હતા.

## ઈથોપિયન સંસદમાં મોદીએ કહ્યું- આ સિંહોની ભૂમિ:મારું વતન ગુજરાત પણ સિંહોની ભૂમિ

### PMને ઈથોપિયાનું સર્વોચ્ચ સન્માન મળ્યું, આ મેળવનાર પ્રથમ ગ્લોબલ લીડર

**અદીસ અબાબા, તા.17**

વડાપ્રધાન મોદીએ બુધવારે ઈથોપિયન સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યું. આ વિશ્વની 18મી સંસદ છે જ્યાં વડાપ્રધાન મોદીએ ભાષણ આપ્યું છે. મોદીએ કહ્યું, 'મને ઈથોપિયામાં આવીને આનંદ થયો છે.' આ સિંહોની ભૂમિ છે. મને અહીં ઘર જેવું લાગે છે, કારણ કે મારું વતન ગુજરાત પણ સિંહોની ભૂમિ છે.

પીએમ મોદીએ 1.4 અબજ ભારતીયો વતી ઈથોપિયાને શુભેચ્છા પાઠવી. તેમણે ઈથોપિયન સંસદ, તેના લોકો અને તેમની લોકશાહી યાત્રા પ્રત્યે આદર વ્યક્ત કર્યો.

મોદીએ કહ્યું કે જ્યારે લોકોની ઈચ્છાઓ અને સરકારની વિચારસરણી સમાન હોય છે, અને બંને સાથે મળીને આગળ વધે છે, ત્યારે દેશ આશા અને ધ્યેય સાથે વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધે છે.

ઈથોપિયન સંસદના સંયુક્ત સત્રને સંબોધન પૂરું થતાં જ સાંસદોએ ઉભા થઈને તાળીઓ પાડીને મોદીનું સ્વાગત કર્યું.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈથોપિયાએ મંગળવારે પોતાનો સર્વોચ્ચ સન્માન આપ્યું. તેઓ 'ધ ગ્રેટ ઓનર નિશાં ઓફ ઈથોપિયા' મેળવનાર પ્રથમ ગ્લોબલ લીડર બન્યા છે. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યું કે આ સન્માન મારા માટે ગર્વની વાત છે. તેમના ઈથોપિયા પ્રવાસનો આજે બીજો દિવસ છે.

આ પહેલા ગઈકાલે મોદીનું ઈથોપિયાના નેશનલ પેલેસમાં વડાપ્રધાન અબી અહેમદ અલીએ સ્વાગત કર્યું, જ્યાં બંને નેતાઓએ દ્વિપક્ષીય બેઠક કરી.

બેઠક દરમિયાન મોદીએ કહ્યું કે ઈથોપિયા આવીને તેમને ખૂબ જ ખુશી થઈ રહી છે. વડાપ્રધાને કહ્યું કે આ તેમનો પહેલો ઈથોપિયા પ્રવાસ છે, પરંતુ અહીં પહોંચતા જ તેમને પોતાનાપણાનો અહેસાસ થયો.

## કોર્ટનો નિર્ણય મોદી-શાહના મોઢા પર તમાચો : ખડગે બોલ્યા- નેશનલ હેરાલ્ડ કેસ માત્ર બદલો લેવા માટે; ગાંધી પરિવારને હેરાન કરવામાં આવી રહ્યો છે....

**નવી દિલ્હી, તા.17**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે દિલ્હીમાં નેશનલ હેરાલ્ડ કેસ પર પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે કોર્ટના નિર્ણયનું સ્વાગત કરતા ભાજપ સરકાર પર આકરો પ્રહાર કર્યો. ખડગેએ કહ્યું- નેશનલ હેરાલ્ડ કેસ માત્ર રાજકીય બદલાની ભાવનાથી પ્રેરિત છે.

ખડગેએ કહ્યું- નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના 1938માં સ્વતંત્રતા સેનાનીઓએ કરી હતી, પરંતુ આ લોકો (ભાજપ) CBI અને ED જેવી એજન્સીઓનો ઉપયોગ કરીને કોંગ્રેસ નેતાઓને બદનામ કરી રહ્યા છે. ખાસ કરીને ગાંધી પરિવારને હેરાન કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષે આગળ કહ્યું- આ મામલે કોઈ FIR નોંધવામાં આવી નથી. માત્ર કોઈની ફરિયાદથી તપાસ શરૂ કરી દીધી. અમારો નારો છે, સત્યમેવ જયતે. ગઈકાલે કોર્ટનો નિર્ણય ન્યાયના હિતમાં આવ્યો છે. કોર્ટનો નિર્ણય PM નરેન્દ્ર મોદી અને શાહના મોઢા પર થપ્પડ જેવો છે.

દિલ્હીની કોર્ટે મંગળવારે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ EDની ચાર્જશીટ પર સંજ્ઞાન લેવાનો ઈનકાર કર્યો હતો. EDની ચાર્જશીટમાં કોંગ્રેસના નેતાઓ પર નેશનલ હેરાલ્ડની પ્રકાશક કંપની AJLની 2,000 કરોડની સંપત્તિઓ પર કબજો કરવાનો આરોપ છે.



CBIએ વર્ષો સુધી FIR દાખલ કરી ન હતી. ED પણ લાંબા સમય સુધી ECIR દાખલ કરવાનું ટાળતી રહી. પછી EDએ FIR વિના ECIR દાખલ કરીને તપાસ શરૂ કરી દીધી. EDએ પ્રક્રિયા ઉલટાવી દીધી. પહેલા મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી અને પછી FIR કરાવી. PMLAમાં પહેલા ગુનાની તપાસ અને પછી મની લોન્ડરિંગની તપાસ થાય છે. EDએ CBIની જેમ રાહ જોવી જોઈતી હતી.

PMLA વિશેષ કાયદો છે, તેને સામાન્ય ફોજદારી કાયદાની જોગવાઈઓથી વિસ્તૃત કરી શકાતો નથી. 'પ્રોસીડ્સ ઓફ ક્રાઈમ' ત્યારે જ લાગુ પડશે, જ્યારે ગુનાહિત પ્રવૃત્તિનું કાનૂની અસ્તિત્વ હોય. FIR તપાસ પ્રક્રિયાનો પાયો હોય છે. ખાનગી ફરિયાદ આ સ્તરની તપાસનો વિકલ્પ નથી. ખાનગી ફરિયાદી ED જેવી એજન્સી સાથે 'નોડલ ઓફિસર'ની જેમ સંકલન કરી શકતો નથી.

BJP નેતા સુબ્રમણ્યમ સ્વામીએ 2012માં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં એક અરજી દાખલ કરીને સોનિયા, રાહુલ અને કોંગ્રેસના જ મોતીલાલ વોરા, ઓસ્કર ફર્નાન્ડિઝ, સેમ પિત્રોડા અને સુમન દુબે પર ખોટમાં ચાલી રહેલા નેશનલ હેરાલ્ડ અખબારને છેતરપિંડી અને પૈસાની હેરાફેરી દ્વારા હડપવાનો આરોપ લગાવ્યો હતો. આરોપ મુજબ, કોંગ્રેસી નેતાઓએ નેશનલ હેરાલ્ડની સંપત્તિઓ પર કબજો કરવા માટે યંગ ઈન્ડિયન લિમિટેડ ઓર્ગેનાઈઝેશન નામની સંસ્થા બનાવી, જેની મોટાભાગની ભાગીદારી ગાંધી પરિવાર પાસે છે. યંગ ઈન્ડિયન દ્વારા નેશનલ હેરાલ્ડનું પ્રકાશન કરતી AJLનું ગેરકાયદેસર અધિગ્રહણ કરી લીધું.

સ્વામીનો આરોપ હતો કે આ બધું દિલ્હીના બહાદુર શાહ ઝફર માર્ગ પર આવેલા હેરાલ્ડ હાઉસની 2000 કરોડની બિલ્ડિંગ પર કબજો કરવા માટે કરવામાં આવ્યું હતું. આરોપ મુજબ, 2000 કરોડની કંપનીને માત્ર 50 લાખમાં ખરીદવામાં આવી હતી.

સુબ્રમણ્યમ સ્વામીએ સોનિયા, રાહુલ સહિત કેસ સાથે સંકળાયેલા કોંગ્રેસના અન્ય નેતાઓ વિરુદ્ધ ફોજદારી કેસ ચલાવવાની માગ કરી હતી. આરોપીઓમાંથી મોતીલાલ વોરા અને ઓસ્કર ફર્નાન્ડિઝનું હવે અવસાન થયું છે.

ED ફરીથી ચાર્જશીટ દાખલ કરશે EDએ આ મામલે ફરીથી ચાર્જશીટ દાખલ કરવાની વાત કહી છે. ED સૂત્રો અનુસાર, કોર્ટે આ નિર્ણય ટેકનિકલ આધાર પર આપ્યો છે. તેણે કેસના ગુણદોષ પર કોઈ ટિપ્પણી કરી નથી.

દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (EOW)એ આ મામલે નવી FIR નોંધી છે, પરંતુ ED પણ પોતાની તપાસ ચાલુ રાખશે. દિલ્હી પોલીસ જેવી જ પોતાની કાનૂની પ્રક્રિયા પૂરી કરશે, ED ફરીથી ચાર્જશીટ દાખલ કરશે. નેશનલ હેરાલ્ડ કેસમાં EDએ વર્ષ 2022માં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને પોતાની ઓફિસે ઘણીવાર બોલાવીને પૂછપરછ કરી છે.

## કલામની જગ્યાએ ભાજપ વાજપેયીને રાષ્ટ્રપતિ બનાવવા માગતી હતી....

### પુસ્તકમાં દાવો- BJPએ અટલજીને કહ્યું હતું- તમે અડવાણીને PM બનવા દો

**નવી દિલ્હી, તા.17**

ભારતના 11મા રાષ્ટ્રપતિ માટે ભાજપે ડૉ. એપીજે અબ્દુલ કલામ પહેલાં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને રાષ્ટ્રપતિ પદ ઓફર કર્યું હતું. પૂર્વ PM વાજપેયીના નજીકના અશોક ટંડને તેમના પુસ્તક 'અટલ સંસ્મરણ'માં આનો ખુલાસો કર્યો છે.

આ પુસ્તક મુજબ ભાજપે વાજપેયીને કહ્યું હતું કે, 'પાર્ટી ઈચ્છે છે કે તમારે રાષ્ટ્રપતિ ભવન જવું જોઈએ. તમે વડાપ્રધાન પદ લાલ કૃષ્ણ અડવાણીને સોંપી દો.' જોકે, વાજપેયીએ આ પ્રસ્તાવને સ્પષ્ટપણે નકારી દીધો.

ટંડન અનુસાર, વાજપેયીએ કહ્યું હતું- હું આવા કોઈ પગલાંની તરફેણમાં નથી. હું આ નિર્ણયને સમર્થન નહીં આપું. ટંડને 17 ડિસેમ્બર, 2025ના રોજ વાજપેયીની જન્મજયંતિ પર 'અટલ સ્મરણ' પુસ્તક લોન્ચ કર્યું છે.

આ પુસ્તક જીવન, વ્યક્તિત્વ અને રાજકીય યાત્રા પર આધારિત છે. ટંડન 1998થી 2004 સુધી વાજપેયીના મીડિયા સલાહકાર હતા. જ્યારે, વાજપેયી 1999થી 2004 સુધી, 5 વર્ષનો સંપૂર્ણ કાર્યકાળ પૂરો કરનાર દેશના પ્રથમ બિન-કોંગ્રેસી PM હતા.



ટંડનના પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે વાજપેયી ઈચ્છતા હતા કે દેશના 11મા રાષ્ટ્રપતિ પક્ષ-વિપક્ષની સર્વસંમતિથી બને. આ માટે તેમણે મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને વાતચીત માટે આમંત્રિત કર્યા હતા. આ બેઠકમાં સોનિયા ગાંધી, પ્રણવ મુખર્જી અને ડો. મનમોહન સિંહ હાજર રહ્યા હતા.

આ જ બેઠકમાં વાજપેયીએ પહેલીવાર ઔપચારિક રીતે જણાવ્યું કે NDAએ ડો. એપીજે અબ્દુલ કલામને પોતાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવાનો નિર્ણય લીધો છે. ટંડન અનુસાર, આ જાહેરાત પછી બેઠકમાં થોડા સમય માટે બધા મૌન થઈ ગયા હતા.

સોનિયા ગાંધીએ મૌન તોડીને વાજપેયીને કહ્યું, 'અમે કલામના નામની પસંદગીને લઈને આશ્ચર્યચકિત છીએ.



# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતા ભાજપ - કોંગ્રેસના નેતાઓને પક્ષપલટો....

## સુરતમાં 12થી વધુ સક્રિય નેતાઓ અને વર્ષો જૂના અગ્રણીઓને આપમાં આવકાર



**સુરત, તા.17**

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે સુરતનું રાજકારણ ગરમાયું છે. સુરતમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં ભંગાણ સર્જાયું છે. શહેરના 12થી વધુ સક્રિય નેતાઓ અને વર્ષો જૂના કાર્યકર્તાઓએ કેસરીયો અને પંજો છોડીને 'આમ આદમી પાર્ટી' (AAP) નો છેડો પકડતા રાજકીય ગલિયારાઓમાં સોપો પડી ગયો છે. સૌથી મોટો ફટકો કોંગ્રેસને પડ્યો છે. છેલ્લા 35-35 વર્ષથી પક્ષ સાથે જોડાયેલા અને પાયાના ગણાતા વરિષ્ઠ કાર્યકર્તાઓ અને પૂર્વ હોદ્દાઓ પર રહેલાએ આજે વિધિવત રીતે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. આ નેતાઓનું કહેવું છે કે પક્ષમાં વર્ષોની મહેનત છતાં અવગણના થતી હોવાથી તેઓ નારાજ હતા.

આમ આદમી પાર્ટીમાં સામેલ થયેલા નેતાઓએ જણાવ્યું હતું કે, 'આપ'ની કામ કરવાની પદ્ધતિ અને લોકોના પાયાના પ્રશ્નો (શિક્ષણ, આરોગ્ય, વીજળી) ઉકેલવાની શૈલીથી તેઓ પ્રેરિત થયા છે. સુરતની જનતા અને કાર્યકર્તાઓ હવે પરંપરાગત પક્ષોથી કંટાળીને એક મજબૂત ત્રીજા વિકલ્પ તરફ જોઈ રહ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીએ સુરતમાં સંગઠન મજબૂત કરવાની કવાયત તેજ કરી છે.

ભાજપ અને કોંગ્રેસના સક્રિય નેતાઓને પક્ષમાં લાવીને 'આપ' પોતાની વોટબેંક અને જનસંપર્ક વધારવા માંગે છે. નવા જોડાયેલા કાર્યકર્તાઓ આગામી ચૂંટણીમાં પક્ષ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. લોકો પરિવર્તન ઈચ્છે છે અને સુરતના આ સક્રિય નેતાઓના જોડાણથી આમ આદમી પાર્ટી વધુ મજબૂત બની છે.

ભાજપમાંથી આપમાં જોડાયેલા જીતેન્દ્ર કુંભારે જણાવ્યું હતું કે, પહેલા હું યુવા મોરચા સુરત શહેર કારોબારી સભ્ય હતો ભારતીય જનતા પાર્ટીમાં. અને ત્યાં ભારતીય જનતા પાર્ટીમાં એક જૂથવાદ વધારે પડતો હતો, કે આપણે ત્યાં અહીંયા જવાનું નહીં, ત્યાં જવાનું નહીં, પેલા પાસે જવાનું નહીં. એ લોકો બધા, જે ઉપલા લેવલના નેતા હતા એ બધા એકબીજા પાસે જાય, એકબીજાના કાર્યક્રમમાં જાય, આપણા ત્યાં એ લોકો કોઈને આવવા ન દે અને બોલાવવા ન દે.

રહી વાત કે અમે 13 થી 14 વર્ષથી હું ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય હતો, નિષ્ઠાવાન કાર્યકર્તા હતો. મેં જ્યારે ગયા પંચવર્ષીયમાં ટિકિટની માંગ કરી ત્યારે મને એવું કહેવામાં આવ્યું કે તમારા સમાજના કેટલા મકાનો છે? તમારા સમાજના કેટલા ઘરો છે? તમારો વોટ બેંક કેટલો છે અહીંયા વોર્ડની અંદર? તો ત્યારે મેં એમને કીધું કે ટિકિટ માટે કે પછી ભારતીય જનતા પાર્ટી હું એક નિષ્ઠાવાન કાર્યકર્તા છું, એ પૂરું નથી એમના માટે કે ભાઈ એના માટે કંઈક તમારે સમાજના અમુક જ સમાજને તમે આપી શકો કાં તો પછી ભારતીય જનતા પાર્ટીની કોઈ એવી નીતિ હોય કે ભાઈ તમારા સમાજમાં આટલા વોટ હોવા જોઈએ કે તમારા આટલા પરિવાર હોવા જોઈએ તો જ તમને ટિકિટ આપીશું.

તમે એક નિષ્ઠાવાન કાર્યકર્તા હોવ એ એમના માટે પૂરું નથી. અને એ બધું જોઈને હું ત્યાંથી... ભારતીય જનતા પાર્ટી છોડી અને આમ આદમી પાર્ટીને છેલ્લા પાંચ વર્ષથી જે કોર્પોરેટર લોકો વિરોધ પક્ષમાં રહીને જે કાર્યો કરી રહ્યા છે, જે શૈક્ષણિક માધ્યમમાં કામ કરી રહ્યા છે, લોકોના રોડ, રસ્તા, ગટર જે લોકોની સમસ્યાઓ છે એનું જે નિરાકરણ કરે છે, એ લોકોની બધી જે ઈમાનદારીની રાજનીતિથી પ્રેરાઈને હું આમ આદમી પાર્ટીને આજે જોઈન કરી રહ્યો છું.

આગળ જે પણ આમ આદમી પાર્ટી જે પણ કાર્ય મને સોંપશે, જે પણ મને જવાબદારી સોંપશે હું નિષ્ઠાથી એ જવાબદારી પૂરી કરીશ અને આમ આદમી પાર્ટીને જીતાડવા માટે જે પણ મારા પ્રયત્નો થાય, જે પણ મારી કોશિશ રહે, મારા ટીમ વતી હું મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો મેયર બને એના માટે અમે કોશિશ કરીશું.

કોંગ્રેસમાંથી આપમાં જોડાયેલા ભરતભાઈ શંભુભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, હું કોંગ્રેસમાં બહુ વર્ષોથી જોડાયેલો છું, 1995 થી, જ્યારથી હું કોલેજમાં હતો ત્યારથી. યુથ કોંગ્રેસમાં પણ હું પ્રદેશમાં હોદ્દો ધરાવતો હતો અને ત્યાર પછી 2010 માં હું કોંગ્રેસમાંથી કતારગામ-ફૂલપાડા, સાત નંબર વોર્ડમાંથી ઈલેક્શન લડ્યો હતો.

કોંગ્રેસમાં એકબીજાના ખેંચતાણ, વ્હાલા-દવલા એવી નીતિ ચાલે છે અને અંદર-અંદરના બહુ ઝઘડા હોય, એમાં અમારા જેવા જેણે કામ કરવું હોય તે સારી રીતે કામ કરી ના શકે, આમ આદમીનું કામ કરી ના શકાય. કોઈ સારી લીડરશીપ નથી, સુરતમાં નથી કે ગુજરાતમાં નથી, કે જેને આધારે આપણે કંઈક કરવું હોય તો કરી શકીએ. અત્યારે આમ આદમી પાર્ટી નીચેથી એટલે કે આમ આદમીથી એટલી સંકળાયેલી છે અને આમ આદમીના નાનામાં નાના પ્રશ્નોને લઈને એ પ્રશ્નોનો ઉકેલ લાવે છે. અને મોટા પ્રશ્નો હોય, ખેડૂતોના હોય કે બીજા કોઈ પ્રશ્નો હોય, તે બધા પ્રશ્નોને કોઈપણ રાજનીતિ કર્યા વગર આમ આદમીનું કામ કરે છે, એવી 'આમ આદમી' થી હું એટલે ઈમ્પ્રેસ થયો છું.

આમ આદમીમાં હું જેવી રીતે કામ કરું છું અને મારી કામ કરવાની ટેવ પણ એવી જ છે કે હું નીચે સામાજિક સોસાયટીઓથી નીચેથી હું કામ કરું, એ રીતનું જ કામ કરીશ જેવી રીતે આમ આદમી પાર્ટી કામ કરે છે.

**પ્રોટેક્શન વોલ પત્તાના મહેલની જેમ ખરી પડી**

# 40 ફૂટ ઊંડા ખોદકામને કારણે સોસાયટીના પાર્કિંગ પતરાનો આખો શેડ પણ ધરાશાયી, 10થી 15 કારો પણ અડફેટે આવી



**સુરત, તા.17**

ડાયમંડ સિટીમાં કન્ટ્રક્શન સાઈટ પરની બેદરકારીના કારણે ગંભીર અકસ્માતોની હારમાળા અટકવાનું નામ નથી લઈ રહી. સુરતના પોશ ગણાતા અલથાણ વિસ્તારમાં આવેલી શિવ રેસિડન્સીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બાજુમાં ચાલી રહેલા રાજલક્ષ્મી ગ્રુપના નિર્માણાધીન પ્રોજેક્ટના 40 ફૂટ ઊંડા ખોદકામને કારણે સોસાયટીના પાર્કિંગ પતરાનો આખો શેડ અને બિલ્ડર દ્વારા બનાવવામાં આવેલી પ્રોટેક્શન વોલ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. જે સમગ્ર ઘટના મોબાઈલ કેમેરામાં કેદ થઈ હતી.

સોસાયટીના રહીશો દ્વારા લેવામાં આવેલા લાઈવ વીડિયોમાં સમગ્ર ઘટના દ્રશ્યોમાં કેદ થયા છે, જે રુંવાડા ઉભા કરી દે તેવા છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે જમીન ધીમે-ધીમે ખસવા લાગે છે અને જોતજોતામાં લોખંડનો વિશાળ શેડ અને મજબૂત દીવાલ 40 ફૂટ ઊંડા ખાડામાં ખાબકે છે. આ સમયે થયેલા પ્રચંડ ધડાકાથી આખી સોસાયટી ધ્રૂજી ઉઠી હતી. લોકોમાં એવો ફફડાટ ફેલાયો હતો કે જાણે ભૂકંપ આવ્યો હોય.

સ્થાનિક રહીશ પાર્થ પટેલે જણાવ્યું હતું કે, આ ઘટના અચાનક નથી બની. બપોરથી જ દીવાલ નમી રહી હોવાનું જણાતું હતું. બિલ્ડર પણ સાઈટ પર આવ્યા હતા, પરંતુ યોગ્ય પગલાં લેવાયા નહીં. બિલ્ડર દ્વારા જમીનમાંથી પાણી કાઢવા માટે 20 જેટલી પાઈપો મૂકવામાં આવી હતી, જેના કારણે ખૂણાની જમીન સાવ પોચી થઈ ગઈ હતી. રાત્રે 11 વાગ્યાની આસપાસ જ્યારે જોખમ વધતું દેખાયું, ત્યારે રહીશોએ સતર્કતા વાપરીને તાત્કાલિક પોતાની ગાડીઓ ત્યાંથી હટાવવાનું શરૂ કર્યું હતું.

લોકોએ સમયસૂચકતા વાપરી ગાડીઓ હટાવી હતી, તેમ છતાં પાર્કિંગમાં પડેલી અંદાજે 10થી 15 કારો આ કાટમાળની અડફેટે આવી ગઈ હતી. ગાડીઓને ભારે નુકસાન પહોંચ્યું છે. સદનસીબે, દીવાલ પડી તે સમયે ત્યાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે, નહીંતર સુરતમાં આજે માતમનો માહોલ હોત. ઘટનાની જાણ થતાં જ અલથાણ પોલીસ સ્ટેશનના PI સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ભીમરાડ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ પણ મોડી રાત્રે જ સાઈટની મુલાકાત લઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિવાદ વધતા અને લોકોનો રોષ જોતા રાજલક્ષ્મી ગ્રુપ તરફથી સત્તાવાર નિવેદન આવ્યું છે કે, જે પણ ક્ષતિ થઈ છે તે પૂર્ણ કરી દેવામાં આવશે. નવી પ્રોટેક્શન વોલ અને શેડ બિલ્ડર દ્વારા બનાવી આપવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે. જોકે, સ્થાનિકોમાં હજુ પણ બિલ્ડિંગની મજબૂતી અને સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઉઠી રહ્યા છે. અલથાણ પોલીસ દ્વારા બાંધકામની સલામતી અંગે તપાસ શરૂ કરવામાં આવી છે અને જવાબદારો સામે કડક પગલાં લેવાની માગ ઉઠી રહી છે.

# શહેરમાં ટ્રાફિક પોલીસની લાલ આંખ : માત્ર 19 દિવસની સ્પેશિયલ ડ્રાઈવમાં 51,000થી વધુ વાહનચાલકો દંડાયા



**સુરત, તા.17**

અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરવા અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટે પોલીસ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ડ્રાઈવમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. 28 નવેમ્બર 2025થી 16 ડિસેમ્બર 2025 સુધીના ટૂંકા ગાળામાં ટ્રાફિક પોલીસે કુલ 51,068 કેસો નોંધી નિયમભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી છે. રોજે સરેરાશ 2687 લોકોને ચલણ અપાયા છે.

શહેરના માર્ગો પર રૉંગ સાઈડમાં વાહન ચલાવવાની પ્રવૃત્તિ જીવલેણ સાબિત થતી હોય છે. ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, રૉંગ સાઈડ ડ્રાઈવિંગને કારણે ગંભીર પ્રાણઘાતક અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે, જેમાં મૃત્યુદર અને ગંભીર ઈજાઓ વધુ જોવા મળે છે. આ બાબતને ધ્યાને રાખીને પોલીસ કમિશનર અને સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક) ના માર્ગદર્શન હેઠળ આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

આ ડ્રાઈવને સફળ બનાવવા માટે નાયબ પોલીસ કમિશનર (ટ્રાફિક) સેક્ટર-1 અને 2, તેમજ તમામ ડિવિઝનના ACP અને તમામ સર્કલ PI દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. જે વિસ્તારોમાં રૉંગ સાઈડ વાહન ચલાવવાનું પ્રમાણ વધુ છે અને જ્યાં અકસ્માત થવાની સંભાવના વધુ છે, તેવા વિસ્તારોને ઓળખી કાઢી ત્યાં ખાસ વોચ રાખવામાં આવી હતી. માત્ર સ્થળ પર દંડ જ નહીં, પરંતુ ઈ-ચલણના માધ્યમથી પણ નિયમ તોડનારા ચાલકો સુધી પોલીસ પહોંચી છે.

16 ડિસેમ્બર 2025ના રોજ પોલીસે રૉંગ સાઈડ ડ્રાઈવિંગ, સિગ્નલ ભંગ અને અન્ય ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ કુલ 3,123 કેસો નોંધ્યા છે. આ સાથે જ 28 નવેમ્બરથી શરૂ થયેલી આ ડ્રાઈવનો કુલ આંકડો 51,068 પર પહોંચ્યો છે, જે પોલીસની સતર્કતા અને કામગીરીની તીવ્રતા દર્શાવે છે. શહેરની ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ બનાવવા માટે ટ્રાફિક સિગ્નલનું પાલન અનિવાર્ય છે. સિગ્નલ ભંગ કરનારા ચાલકોને કારણે ઘણીવાર ટ્રાફિક જામ અને અકસ્માતની સ્થિતિ સર્જાય છે. આ ડ્રાઈવ દરમિયાન સિગ્નલ તોડનારાઓ વિરૂદ્ધ પણ વ્યાપક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ટ્રાફિક બ્રાન્ચ દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે કે, આ ઝુંબેશ અહીં અટકશે નહીં. આગામી સમયમાં પણ ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહન-ચાલકો વિરૂદ્ધ આ પ્રકારે જ સ્પેશિયલ ડ્રાઈવ યોજીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય દંડ વસૂલવાનો નહીં, પરંતુ નાગરિકોમાં ટ્રાફિક શિસ્ત કેળવવાનો અને કિંમતી માનવ જિંદગીઓને અકસ્માતથી બચાવવાનો છે.

# 500 ગ્રામજનોનો ઓવરબ્રિજનું કામ અટકાવવા ઢોલ વગાડી વિરોધ

## શાપર-વેરાવળમાં બ્રિજથી 2 લાખ લોકોને મૂશ્કેલીની ભીતિ, અઠવાડિયામાં નિરાકરણ નહીં આવે તો ભૂખ હડતાળની ચિમકી



**રાજકોટ, તા.17**

રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના શાપર-વેરાવળ નેશનલ હાઈવે નં.27 ઉપર કેપ્ટન ગેઈટ વેરાવળથી શિતળા માતાજીના મંદિર પારડી તરફનો ઓવર બ્રિજ બનાવવાની તજવીજ હાથ ધરવામાં આવતા 2 લાખ લોકોને મુશ્કેલી ઉભી થાય તેમ છે. જેને લઈને 500થી વધુ ગ્રામજનોએ આજે ઢોલ નગારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઓવરબ્રિજ બનતા ગામનું જંક્શન 500 મીટરથી વધી 2 કિલોમીટર દૂર થઈ જતા સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટોને બરાબર મુશ્કેલી પડે તેમ છે.

આ ઉપરાંત ક્રાઈમ કે ઈમરજન્સીની પરિસ્થિતિમાં લોકોનો જીવ જાય તેવી પણ સંભાવના છે. ત્યારે જો અઠવાડિયામાં નિરાકરણ નહીં આવે તો અનશન આંદોલન કરવાની અને દિલ્હીમાં નેશનલ હાઈવે ઓથોરિટીની ઓફિસ ખાતે જવાની પણ તૈયારી બતાવી છે.

શાપર વેરાવળ ગામ એકતા સમિતિના પ્રમુખ અને વેરાવળ ગામના સરપંચ રવિરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આજે અમારા તાલુકા પંચાયતના સદસ્યો અને ગ્રામજનો સાથે કલેક્ટરને આવેદન આપવા માટે આવ્યા છીએ. નેશનલ હાઈવે ઓથોરિટીની જે તાનાશાહી ચાલી રહી છે તેના વિરુદ્ધમાં અઠવાડિયા પછી અનશન આંદોલન કરવામાં આવશે. જે બાદ પણ અમારા પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો નેશનલ હાઈવે ઓથોરિટીના ચૌધરી સાહેબે એવું કહ્યું છે કે, આ બ્રિજનું કામ બંધ કરાવવા માટે તમારે દિલ્હી જવું પડશે તો તેના માટે પણ અમે તૈયાર છીએ. નેશનલ હાઈવે ઓથોરિટી કોઈ ડિઝાઈન બતાવવા માગતી નથી અને સ્થળ ઉપર આવવા તૈયાર નથી. 2 લાખ લોકોને આ સમસ્યા અસર કરે છે. અહીં 4000 ફેક્ટરી અને 500 ટ્રાન્સપોર્ટ આવેલા છે. અત્યારે અમારો જે બ્રિજ છે તેના ઉપર ઓવરલેપિંગ કરીને ઉપર લઈ જવામાં આવે તો અમારું જંકશન જે 250 મીટર છે જે આશરે 2 કિલોમીટર જઈ શકે તેમ છે. જેથી એક અઠવાડિયામાં નિરાકરણ આવે તેવી અમારી માંગણી છે. રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર-વેરાવળ નેશનલ હાઈવે નં.27 ઉપર કેપ્ટન ગેઈટ વેરાવળથી શિતળા માતાજીના મંદિર પારડી તરફનો ઓવર બ્રિજ બનવા અંગે નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા તજવીજ હાથ ધરાઈ છે. શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આશરે 5000 નાના-મોટા કારખાનાઓ તથા આશરે 15000 જેટલા રેસિડેન્સ મકાનો આવેલા છે. શાપર-વેરાવળ મેઈન જંકશન ઉપર જવાનો એપ્રોચ હાઈવેથી આશરે 500 મીટર જેટલો દૂર આવેલો છે જે આ પુલ બને તો આ એપ્રોચ આશરે 2 કિ.મી. જેટલો દૂર જતો રહે તેમ છે. જેનાથી તમામ ઈન્ડસ્ટ્રીઝ અને રહીશોનો ખૂબ જ મોટા પ્રમાણમાં હાલાકીનો સામનો કરવો પડે તેમજ અહિયાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ફાયર સ્ટેશન બન્ને આવેલા હોવાથી, આગ-અકસ્માત જેવી ગંભીર પરિસ્થિતિમાં સમયસર પહોંચી શકાય નહીં અને સમયસર સારવારના અભાવે લોકોને જીવ ગુમાવવાનો વારો આવે તેવી શકયતા છે. આ ઉપરાંત હાલમાં શાપર-વેરાવળ જંકશન પર પોલીસ સ્ટેશન આવેલું છે જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવાના કામે પોલીસને ગમે તે દિશામાં જવા માટે યોગ્ય એપ્રોચ છે, પરંતુ જો બ્રિજ બને તો પોલીસને હાઈવે પકડવા માટે જ ટ્રાફિકના લીધે આશરે ચાર ગણો વધારે સમય લાગી શકે તેમ હોવાથી ગુનાખોરીમાં વધારો થવાની શક્યતા રહેલી છે.

આ સાથે જ સર્વિસ રોડ ઉપર સ્કૂલ, હાઈસ્કૂલ અને પોસ્ટ ઓફિસ જેવી જાહેર સુવિધાઓ આવેલ હોવાથી અને વિદ્યાર્થીઓને અવરજવર માટે હાલમાં જે સર્વિસ રોડ અને હાઈવેનો એપ્રોચ સવલત ભરેલો છે, પરંતુ જો ઓવરબ્રિજ બનાવવામાં આવે તો આ તમામ જગ્યાઓએ જવા માટે આશરે 2 કિ.મી. જેટલું ફરવું પડે અને ભયંકર ટ્રાફિકની યાતના ભોગવવી પડે જેનાથી વિદ્યાર્થીઓ, કામદારો, અશક્ત વૃદ્ધો વગેરે તમામ લોકોની રોજીંદી જિંદગી ખરાબ રીતે પ્રભાવિત થાય તેમ છે. જેથી આ ઓવરબ્રિજનું કામ હાલ બંધ કરવામાં આવે તેવી માંગણી છે.

આ બાબતે જો નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખરેખર લોકોની સુખાકારીમાં વધારો કરવા ઈચ્છતું હોય તો ઓવરબ્રિજ બનાવવાની જગ્યાએ હાઈવે ક્રોસ કરવા અંગેનો ફુટબ્રિજ બનાવવાની જરૂરિયાત હોય તો ફુટબ્રિજ બનવવામાં આવે તો ખરેખર લોકોની સુખાકારીમાં વધારો થઈ શકે તેમ છે. આ બાબતને ધ્યાને લઈ આ ઓવરબ્રિજનું કામ હાલ મુલત્વી રાખવા અમોની નમ્ર વિનંતી છે.

# વડોદરામાં સસ્તી સોના અને 10 કરોડની લોન અપાવવાના બહાને 4.95 કરોડની ઠગાઈના કેસમાં બે આરોપીઓની ધરપકડ




**વડોદરા, તા.17**

સસ્તા સોના અને લોન અપાવવાના બહાને 4.95 કરોડ રૂપિયાની ઠગાઈના કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરવામાં આવી છે અને તેમને 2 દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.


માર્ચ 2025થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વડોદરા શહેરના સીગ્નેટ હબ ઓફિસ નંબર 315 અને એટલાન્ટિક હાઈટ્સ, ગેંડા સર્કલ ખાતે આવેલી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાયનાન્સની ઓફિસમાં આ ગુનેગારી કામગીરી ચાલી હતી. આરોપી રાજવીર અને તેના ભાગીદારો તેમજ વિશાલ બારડ અને નયનાબેન મહીડા સહિતના આરોપીઓએ ફરિયાદીને ઓછી કિંમતે સોનું અપાવવાની લાલચ આપી હતી. તેમણે ફરિયાદી પાસેથી સસ્તા સોનાના બહાને 4.61 કરોડ રૂપિયા પડાવી લીધા હતા.

વિશાલ બારડે પોતાને લોન એજન્ટ તરીકે રજૂ કરીને ફરિયાદીને 10 કરોડ રૂપિયાની લોન અપાવવાનું વચન આપ્યું હતું. તેમણે બેંક મેનેજરને કમિશન પેટે એડવાન્સ આપવાના બહાને વધુ 31 લાખ રૂપિયા મેળવી લીધા હતા. આમ, કુલ 4.95 કરોડ રૂપિયા પડાવીને આરોપીઓએ ફરિયાદીને સોનું કે લોન કંઈ જ અપાવ્યું નહોતું અને ઠગાઈ કરી હતી. આ મામલે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે આરોપીઓની શોધખોળ કરી હતી. પોલીસની ધરપકડથી બચવા માટે નાસતા ફરતા આરોપીઓમાંથી નયનાબેન મનહરસિંહ મહીડા અને ભાવેશ નરવતસિંહ પરમાર (બંને વડોદરાના રહેવાસી)ને શોધી કાઢવામાં આવ્યા છે અને બંનેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા અને વિવિધ તપાસના મુદ્દાઓને આધારે 2 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે આ ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

**'તું અપશુકનિયાળ છે, છૂટાછેડા આપી દે'**

# પતિએ અન્ય સ્ત્રી સાથેના સંબંધો છુપાવવા પત્નીને ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકી, સાસરિયાં સામે ફરિયાદ



**વડોદરા, તા.17**

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં રહેતી પરીણીતાને તેના પતિએ તું અપશુકનિયાળ છે, તું છુટાછેડા આપી દે, તો બીજા લગ્ન કરું, તેમ કહી શારીરીક માનસિક ત્રાસ આપી ઘરમાથી કાઢી મુકી હતી. ઉપરાંત સાસુ સસરા તથા નણંદ પણ તું દહેજમાં કાઈ લાવી નથી, તારા પિતા ભિખારી છે તેમ કહી હેરાન કરતા હોવાથી કંટાળી ગયેલી પરીણીતાએ પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેને આધારે મહિલા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં રહેતી યુવતીએ વર્ષ 2014માં નિશ્ચય ભરતભાઈ રાણા સાથે કોર્ટ મેરેજ બાદ શાસ્ત્રોકત વિધી અનુસાર લગ્ન કર્યા હતા. લગ્નબાદ માતા પિતાએ સોનાના ઘરેણા અને સગા સબંધીએ આપેલી ભેટ સોગાદો લઈ પતિની સાથે ચંદ્રવતી સોસાયટી કારેલીબાગ ખાતે સાસરીમાં સંયુક્ત પરિવારમાં રહેવા ગઈ હતી.

5 મહિના પતિ સાથે સારી રીતે રહ્યાં બાદ નણંદ ફેયુરી મિસ્ત્રીના મોબાઈલ ફોનમાં પતિએ અન્ય સ્ત્રી સાથે સોશીયલ મીડિયા દ્વારા કરવામાં આવેલા મેસેજો જોતા તેમને પતિને અન્ય સ્ત્રી સાથે સંબધ છે તેવી જાણ થઈ હતી, પરંતુ ત્યારે પરિણીતાને સાતમો મહિનો ચાલતો હોવાથી પતિ સાથે અન્ય સ્ત્રી સાથેના સંબધ બાબતે કોઈ વાત કરી નહોતી. પતિને એક્ટર બનવું હોવાથી તેઓને દરેક રીતે સાથે સહકાર આપતી હતી.

પિતાએ 2013માં LICના બે લાખ રૂપિયાનો ચેક પતિના જોઈન્ટ ખાતામાં જમા કરાવ્યો હતો. તે પૈસા પતિએ તેમની જાણ બહાર ઉપાડી લીધા હતા. જેથી પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને આ વાત તેમના સાસુ સસરાને થઈ હતી. ત્યારે સસરાએ તું ઘરની વહુ છે તો એમાં તને શું પુછવાનું તેમ કહી તેમના પતિનો સાથે આપ્યો હતો.

વર્ષ 2015માં મહિલાને દીકરીનો જન્મ થયો હતો. દીકરીના જન્મ બાદ પતિ દીકરીની સાર સંભાળ પણ રાખતા ન હતા તેમજ સાસરીયા તું અપશુકનીયાળ છે, તું મારા દીકરાના પૈસા જોઈને આવી છે. તું કોઈ પૈસાદાર કુટુંબમાંથી આવી નથી. પરિણીતાને શારીરિક માનસિક ત્રાસ આપી તારા પિતાએ કઈ મોંઘી વસ્તુઓ આપી નથી, તારો બાપ ભિખારી છે તેમ કહી દહેજ માગણી કરી હેરાન કરતા હતા. જેના કારણે પરિણીતા ડીપ્રેશનમાં જતી રહી હતી, પરંતુ સાસરિયાંઓએ કોઈ સારવાર કરાવી ન હતી.

પતિએ સંભળાવ્યું કે, તું અપશુકનીયાળ છે, તને છૂટાછેડા આપી દઈશ, મારે તને રાખવી નથી, મારે બીજા લગ્ન કરવા છે. તું તારા માતા-પિતાના ઘરે જતી રહે તેમ કહી ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. ત્યારથી પરિણીતા પિયરમાં રહેવા જતી રહી હતી. પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખતો હતો, પરંતુ તેમા કોઈ સુધારો આવ્યો ન હતો. જેથી પોલીસે પતિ નિશ્ચય ભરત રાણા, સસરા ભરત રમણવાલ રામા, સાસુ ભારતીબેન ભરત રાણા, નણંદ કેયુરી મિસ્ત્રી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરાઈ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# વિદેશ મંત્રાલયનું બાંગ્લાદેશના હાઈ કમિશનરને તેડું: બાંગ્લાદેશી નેતાએ 7 ભારતીય રાજ્યોને તોડવાની આપી હતી ધમકી.....

**ઢાકા, તા.17**

ભારત સરકારે બુધવારે બાંગ્લાદેશના હાઈ કમિશનર રિયાઝ હમીદુલ્લાહને સમન કર્યા છે. તાજેતરમાં ભારતીય ઉચ્ચાયોગને એક ધમકી મળી હતી, જેના પછી ભારતે આ મુદ્દે બાંગ્લાદેશ સરકાર સમક્ષ ઔપચારિક રીતે પોતાનો વાંધો નોંધાવ્યો.

જોકે સરકારે હજુ સુધી એ જણાવ્યું નથી કે ધમકી શું હતી, પરંતુ તેને ગંભીર સુરક્ષા ચિંતા તરીકે જોવામાં આવી રહી છે. આ પગલું બાંગ્લાદેશના નેશનલ સિટીઝન પાર્ટી (NCP) ના નેતા હસનત અબ્દુલ્લાહની ધમકીના એક દિવસ પછી ઉઠાવવામાં આવ્યું.

અબ્દુલ્લાહે ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યો (7 સિસ્ટર્સ) ને અલગ પાડવા અને અલગતાવાદીઓને આશ્રય આપવાની વાત કહી હતી.

હાલ કોઈ કાર્યવાહી કરવાની ઉલ્લેખ નથી. જાણકારી મુજબ, આ એક ઔપચારિક રાજદ્વારી વાંધો નોંધાવવાનો મામલો છે. આગળ શું થશે, તે અંગે હાલમાં કોઈ વિગત સામે આવી નથી.

અબ્દુલ્લાહે સોમવારે ઢાકામાં એક રેલીમાં કહ્યું હતું કે જો બાંગ્લાદેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરવામાં આવશે તો બદલાની આગ સરહદો પાર ફેલાઈ જશે.

તેમણે ભારતનું નામ લીધા વિના કહ્યું, 'જો તમે અમને અસ્થિર કરનારાઓને આશ્રય આપી રહ્યા છો, તો અમે 7 સિસ્ટર્સના અલગતાવાદીઓને પણ આશ્રય આપીશું.'

તેમણે એવી પણ ચેતવણી આપી કે બાંગ્લાદેશ ભારત વિરોધી તાકાતોને આશ્રય આપશે અને ઉત્તર-પૂર્વીય રાજ્યોને ભારતથી અલગ કરી દેશે. રેલીમાં હાજર કેટલાક લોકો તેમની આ વાત પર તાળીઓ પાડતા જોવા મળ્યા.

આ રેલી ગયા અઠવાડિયે ઈન્કલાબ મંચના કટ્ટરપંથી નેતા શરીફ ઉસ્માન હાદી પર થયેલા જીવલેણ હુમલા બાદ આયોજિત કરવામાં આવી હતી. આ સંગઠન હુમલા માટે ભારત અને શેખ હસીનાની અવામી લીગને જવાબદાર ઠેરવી રહ્યું છે.

એક મહિના પહેલાં પૂર્વ બાંગ્લાદેશી જનરલે કહ્યું હતું કે ભારતના ટુકડા ન થાય ત્યાં સુધી બાંગ્લાદેશને સંપૂર્ણ શાંતિ નહીં મળે.

બાંગ્લાદેશમાં શેખ હસીનાના વિરોધી નેતા ઉસ્માન હાદીને રાજધાની ઢાકામાં 12 ડિસેમ્બરે ગોળી મારી દેવામાં આવી, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

હાદી ઈસ્લામિક સંગઠન 'ઈન્કલાબ મંચ'ના પ્રવક્તા છે અને ચૂંટણીમાં ઢાકાથી અપક્ષ ઉમેદવાર છે. તેઓ રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર હુમલાખોરે તેમને ગોળી મારી દીધી હતી.

મીડિયા રિપોર્ટ અનુસાર, હુમલાના થોડા કલાકો પહેલા ઉસ્માન હાદીએ ગ્રેટર બાંગ્લાદેશનો એક નકશો શેર કર્યો હતો, જેમાં ભારતીય વિસ્તારો (7 સિસ્ટર્સ) સામેલ હતા.




આ નિર્ણય ભારતના વિજય દિવસના બરાબર એક દિવસ પછી સામે આવ્યો. મંગળવારે ભારતે 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ અને બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામની 54મી વર્ષગાંઠ એટલે કે વિજય દિવસની ઉજવણી કરી હતી.

વર્ષગાંઠ પર બાંગ્લાદેશે પણ ભારત અને ઢાકા વચ્ચેના સારા સંબંધો પર ભાર મૂક્યો હતો. જોકે, વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળ બાંગ્લાદેશથી ભારતના સંબંધોમાં તણાવ આવ્યો છે. બીજી તરફ, બાંગ્લાદેશ પાકિસ્તાન સાથે નિકટતા વધારી રહ્યું છે.

શેખ હસીનાની અવામી લીગ સરકારના પતન પછી ભારત-બાંગ્લાદેશના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. 78 વર્ષીય શેખ હસીના ગયા વર્ષે ઓગસ્ટમાં બળવા પછી ભારત આવી ગયા હતા અને ત્યારથી અહીં જ રહી રહ્યા છે.

ગયા મહિને બાંગ્લાદેશની એક વિશેષ ટ્રિબ્યુનલે તેમને માનવતા વિરુદ્ધના ગુનાઓના કેસમાં દોષિત ઠેરવીને મોતની સજા સંભળાવી હતી. ત્યારથી બાંગ્લાદેશ સતત તેમના પ્રત્યાર્પણની માગ કરી રહ્યું છે.

બાંગ્લાદેશે ભારત પાસેથી હસીનાના ઝડપી પ્રત્યાર્પણની માગ કરી છે, પરંતુ ભારતે આ આરોપોને નકારી કાઢ્યા છે. બાંગ્લાદેશમાં ચૂંટણી નજીક આવતા ભારત વિરોધી નિવેદનો વધી રહ્યા છે, જેનાથી દ્વિપક્ષીય સંબંધો પર વધુ દબાણ આવી રહ્યું છે.

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે 14 ડિસેમ્બરે ઢાકામાં ભારતના ઉચ્ચાયુક્ત પ્રણય વર્માને બોલાવ્યા. બાંગ્લાદેશે ભારતમાં રહી રહેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના નિવેદનોને લઈને સખત વાંધો ઉઠાવ્યો છે.

સત્તાવાર નિવેદન મુજબ બાંગ્લાદેશે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ભારત સરકાર એક ફરાર આરોપીને નિવેદન આપવાની મંજૂરી આપી રહી છે.

બાંગ્લાદેશનું કહેવું છે કે શેખ હસીનાના નિવેદનો ઉશ્કેરણીજનક છે અને તેઓ પોતાના સમર્થકોને બાંગ્લાદેશમાં હિંસક અને આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થવાની અપીલ કરી રહ્યા છે. સરકાર મુજબ, આવા નિવેદનો આગામી સંસદીય ચૂંટણીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ છે.

બાંગ્લાદેશમાં આવતા વર્ષે 12 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાશે. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિરુદ્દીને ગુરુવારે સાંજે તેની જાહેરાત કરી. આ ચૂંટણી પૂર્વ પીએમ શેખ હસીનાના તખ્તાપલટના દોઢ વર્ષ પછી થઈ રહી છે.

5 ઓગસ્ટ 2024ના રોજ થયેલા તખ્તાપલટ બાદ શેખ હસીના દેશ છોડીને ભારત આવી ગયા હતા. ત્યારથી ત્યાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર ચાલી રહી છે.

આગામી વર્ષે યોજાનારી ચૂંટણીમાં હસીનાની પાર્ટી ભાગ લઈ શકશે નહીં. બાંગ્લાદેશની સૌથી મોટી પાર્ટી અવામી લીગનું રજીસ્ટ્રેશન ચૂંટણી પંચે મે 2025માં સસ્પેન્ડ કરી દીધું હતું.

પાર્ટીના મોટા નેતાઓની વચગાળાની સરકારે ધરપકડ કરી લીધી છે. અવામી લીગને ચૂંટણી લડવા અને રાજકીય ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ચૂંટણી પહેલા વિદ્યાર્થીઓની રાજકીય પાર્ટી નેશનલ સિટીઝન પાર્ટી (NCP) એ જમાત-એ-ઈસ્લામીમાંથી અલગ થઈને બનેલી અમર બાંગ્લાદેશ (AB) પાર્ટી અને રાષ્ટ્ર સંસ્કૃતિ આંદોલન સાથે મળીને નવો મોરચો ગણતાંત્રિક સંસ્કાર ગઠબંધન બનાવ્યો છે.

NCP આ વર્ષે ફેબ્રુઆરીમાં બની હતી. પાર્ટીના વિદ્યાર્થી નેતાઓએ ગયા વર્ષે હસીના વિરોધી પ્રદર્શનોનું નેતૃત્વ કર્યું હતું. આ જ પ્રદર્શનોના દબાણમાં શેખ હસીના સરકારે સત્તા છોડવી પડી હતી.

NCP એ 125 ઉમેદવારોની તેની પ્રથમ યાદી પણ જાહેર કરી દીધી છે. પાર્ટીના મુખ્ય ચહેરા નાહિદ ઈસ્લામ ઢાકા-11 થી ચૂંટણી લડશે. આ યાદીમાં 14 મહિલા ઉમેદવારો પણ સામેલ છે, જે અત્યાર સુધીમાં કોઈપણ પાર્ટી કરતાં સૌથી વધુ છે.

## ટ્રમ્પે વધુ 7 દેશોની નાગરિકતા પ્રક્રિયા અટકાવી: 15 દેશો પર આંશિક પ્રતિબંધ, અત્યાર સુધીમાં 39 દેશો આ લિસ્ટમાં સામેલ થયા....

**વોશિંગ્ટન, તા.17**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે 7 વધુ દેશોના લોકોના અમેરિકા આવવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો. આ સાથે જ પેલેસ્ટાઈનીઓ પર પણ રોક લગાવી દીધી છે. આ નિર્ણય ગયા મહિને વ્હાઈટ હાઉસ પાસે નેશનલ ગાર્ડ્સ પર એક અફઘાન શરણાર્થીના ગોળીબાર બાદ લેવામાં આવ્યો છે.



સાથે જ 15 અન્ય દેશો પર આંશિક પ્રતિબંધ (કાયમી નિવાસ પર રોક) લગાવવામાં આવ્યા છે. ટ્રમ્પે મંગળવારે આ માટે એક ઘોષણા પત્ર પર હસ્તાક્ષર કર્યા. તેનાથી અમેરિકા આવવા પર પૂર્ણ કે આંશિક યાત્રા પ્રતિબંધ લાગુ પડતા દેશોની સંખ્યા 39 થઈ ગઈ છે. 19 દેશો પર પહેલાથી જ યાત્રા પ્રતિબંધ લાગુ છે. તેમાંથી 2 દેશ લાઓસ અને સિયેરા લિયોન પર હવે સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરી દેવામાં આવ્યો છે. તેનાથી પૂર્ણ પ્રતિબંધવાળા દેશોની સંખ્યા 7 થઈ છે. આ પગલું રાષ્ટ્રીય સુરક્ષા, જાહેર સુરક્ષા, નબળી તપાસ પ્રણાલી અને વિઝા ઓવરસ્ટે (વિઝા સમાપ્ત થયા પછી પણ રોકાવું) ના ઉચ્ચ દરોનો હવાલો આપીને ઉઠાવવામાં આવ્યું છે. આ નવા પ્રતિબંધો 1 જાન્યુઆરીથી લાગુ થશે. ઘોષણામાં સ્થાયી નિવાસીઓ, રાજદ્વારીઓ અને એથ્લેટ્સને છૂટ આપવામાં આવી છે. વ્હાઈટ હાઉસની ફેક્ટ-શીટ અનુસાર, નવી ઘોષણામાં બુર્કિના ફાસો, માલી, નાઈજર, સાઉથ સુદાન અને સીરિયા પર સંપૂર્ણ યાત્રા પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. પેલેસ્ટાઈનના લોકો પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પહેલા ગૃહ સુરક્ષા સચિવ ક્રિસ્ટી નોએમે કહ્યું હતું કે અમેરિકી પ્રશાસન વર્તમાન યાત્રા પ્રતિબંધને 19 થી વધારીને 30 થી વધુ દેશો સુધી વિસ્તારવાની યોજના બનાવી રહ્યું છે. તે સમયે તેમણે ચોક્કસ સંખ્યા કે દેશોના નામ જણાવ્યા ન હતા. અમેરિકા અફઘાનિસ્તાન, મ્યાનમાર, બુરુન્ડી, ચાડ, કોંગો, ક્યુબા, ઈક્વેટોરિયલ ગિની, ઈરિટ્રિયા, હૈતી, ઈરાન, લિબિયા, સોમાલિયા, સુદાન, ટોગો, તુર્કમેનિસ્તાન, વેનેઝુએલા અને યમન પર સંપૂર્ણ યાત્રા પ્રતિબંધ લગાવી ચૂક્યું છે.

નવી ઘોષણામાં 15 નવા દેશો પર આંશિક પ્રવેશ પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે. બુરુન્ડી, ક્યુબા, ટોગો અને વેનેઝુએલા પર આંશિક પ્રતિબંધો પહેલાની જેમ ચાલુ રહેશે. તુર્કમેનિસ્તાન એકમાત્ર દેશ છે જ્યાં નોન-ઈમિગ્રન્ટ વિઝા પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે, જોકે ઈમિગ્રન્ટ વિઝા પર રોક યથાવત છે. પ્રતિબંધમાંથી છૂટછાટની જોગવાઈ પણ રાખવામાં આવી છે, પરંતુ પરિવાર આધારિત ઈમિગ્રન્ટ વિઝાની છૂટછાટને છેતરપિંડીના જોખમને કારણે મર્યાદિત કરી દેવામાં આવી છે. આ પગલું એવા દેશોમાંથી આવતા વિદેશી નાગરિકોને રોકવા માટે લેવામાં આવ્યું છે જ્યાં સ્ક્રીનિંગ, તપાસ અને માહિતી શેર કરવામાં ગંભીર ખામીઓ છે, જેથી અમેરિકાની સુરક્ષા અને જાહેર સુરક્ષાને મજબૂત કરી શકાય. વોશિંગ્ટન ડીસીમાં થયેલા ગોળીબાર બાદ અમેરિકાએ ઈમિગ્રેશનના નિયમો વધુ કડક બનાવ્યા છે.

## રાહુલ ગાંધી જર્મનીના ત્રણ દિવસના પ્રવાસે: મ્યુનિખમાં BMW પ્લાન્ટની મુલાકાત લીધી, રાહુલે કહ્યું- ભારતમાં મેન્યુફેક્ચરિંગ ઘટી રહ્યું છે....

**નવી દિલ્હી, તા.17**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે જર્મનીના મ્યુનિખમાં ઓટોમોબાઈલ જાયન્ટ BMWના પ્લાન્ટની મુલાકાત લીધી અને વિવિધ કાર અને મોટરસાયકલ વિશે માહિતી મેળવી હતી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી બુધવારે જર્મનીની રાજધાની બર્લિન પહોંચ્યા હતા. એરપોર્ટ પર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ (IOC) ના કાર્યકર્તાઓએ રાહુલનું સ્વાગત કર્યું હતું. રાહુલ આજે બર્લિનમાં IOC કાર્યક્રમમાં ભાગ લેશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલી એક પોસ્ટમાં, કોંગ્રેસ પાર્ટીએ લખ્યું કે રાહુલ ગાંધીએ BMW સાથે સહયોગથી વિકસિત TVS 450cc મોટરસાઈકલનું નિરીક્ષણ કર્યું. તેમણે તે જોઈને ગર્વ અનુભવ્યું હતું.

IOC અનુસાર, રાહુલ ગાંધી ભારતીય પ્રવાસી સમુદાય સાથે સંવાદ કરશે અને યુરોપમાં પાર્ટીના વિવિધ અધ્યક્ષોને મળીને NRI મુદ્દાઓ અને પાર્ટીની વિચારધારા ફેલાવવા પર ચર્ચા કરશે.

રાહુલ 20 ડિસેમ્બર સુધી ત્યાં જ રહેશે. તેમનો જર્મની પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે, જ્યારે દેશમાં સંસદનું શિયાળુ સત્ર (1 થી 19 ડિસેમ્બર સુધી) ચાલી રહ્યું છે. આ



મામલે ભાજપે રાહુલના જર્મની પ્રવાસ પર નિશાન સાધ્યું હતું.

રાહુલ ગાંધીનો છેલ્લા 6 મહિનામાં આ ચોથો વિદેશ પ્રવાસ છે. આ પહેલા જુલાઈથી લઈને સપ્ટેમ્બરની વચ્ચે તેઓ લંડન, મલેશિયા, બ્રાઝિલ-કોલંબિયાની યાત્રા પર ગયા હતા.

રાહુલ ગાંધીની જર્મની યાત્રા પર ભાજપ નેતા શહઝાદ પૂનાવાલાએ કહ્યું હતું કે- રાહુલ ગાંધીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે 'LoP'નો અર્થ 'લીડર ઓફ પર્યટન' થાય છે. તેઓ લીડર ઓફ પાર્ટીઈંગ (પાર્ટી કરનારા નેતા) છે.

આ તરફ, કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ રાહુલ ગાંધીનો બચાવ કરતા કહ્યું હતું કે- વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના કામનો અડધો સમય વિદેશમાં વિતાવે છે. તો પછી ભાજપ તરફથી વિપક્ષના નેતાની વિદેશ યાત્રા પર સવાલ કેમ ઉઠાવવામાં આવી રહ્યા છે?

25 જૂનથી 6 જુલાઈ 2025- લંડન (યુકે): 2025ના મધ્યમાં રાહુલ ગાંધી લંડનની યાત્રા પર પણ રહ્યા હતા. સુરક્ષા એજન્સીઓના પત્રમાં આ વિગત આવી છે.

4 થી 8 સપ્ટેમ્બર 2025 - મલેશિયા: સપ્ટેમ્બરમાં તેમણે મલેશિયાની મુલાકાત લીધી હતી - જેના વિશે રાજકીય આરોપ-પ્રત્યારોપ પણ ચર્ચામાં રહ્યા હતા.

સપ્ટેમ્બર 2025 - દક્ષિણ અમેરિકા (બ્રાઝિલ, કોલંબિયા): દક્ષિણ અમેરિકાના પ્રવાસે બ્રાઝિલ, કોલંબિયા સહિત ચાર દેશોમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ અને નેતાઓ સાથે સંવાદ કર્યો હતો.

રાહુલ 2 ઓક્ટોબરના રોજ કોલંબિયાની EIA યુનિવર્સિટીમાં 'ધ ફ્યુચર ઈઝ ટુડે' કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે કહ્યું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ભાજપની વિચારધારાના મૂળમાં કાયરતા છે.' આ માટે તેમણે વિદેશ મંત્રી એસ. જયશંકરના 2023માં ચીનને લઈને આપેલા નિવેદનનો હવાલો આપ્યો.

રાહુલ ગાંધીએ 21 એપ્રિલે અમેરિકાના બોસ્ટનમાં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પર સવાલો ઉઠાવ્યા. તેમણે ભારતીય પ્રવાસીઓને સંબોધિત કરતા કહ્યું કે તે સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે ભારતીય ચૂંટણી પંચ સમાધાન કરી ચૂક્યું છે. આ સિસ્ટમમાં કંઈક ગડબડ છે.

રાહુલ ગાંધી વિપક્ષના નેતા તરીકે પ્રથમ વખત વિદેશ પ્રવાસે હતા. તેમણે 9 સપ્ટેમ્બરે અમેરિકાની યુનિવર્સિટી ઓફ ટેક્સાસના વિદ્યાર્થીઓ સાથે ભારતીય રાજનીતિ, અર્થતંત્ર અને ભારત જોડો યાત્રા સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી. રાહુલ ગાંધીએ કહ્યું, 'ભારતમાં બધું મેડ ઈન ચાઈના છે. ચીને ઉત્પાદન પર ધ્યાન આપ્યું છે, તેથી ચીનમાં રોજગારની સમસ્યાઓ નથી.'

મે 2022- રાહુલ ગાંધી બ્રિટનના પ્રવાસે હતા. તેમણે CBI અને EDનો હવાલો આપતા ભારત સરકારની તુલના પાકિસ્તાન સરકાર સાથે કરી હતી. BJPએ રાહુલ પર વિદેશમાં જઈને ભારતને બદનામ કરવાનો આરોપ લગાવ્યો.

ડિસેમ્બર 2020- રાહુલ ગાંધી નાનીને મળવા ઈટાલી ગયા હતા. દર વર્ષે 28 ડિસેમ્બરે કોંગ્રેસનો સ્થાપના દિવસ ઉજવવામાં આવે છે. તેમાં તેઓ હાજર રહ્યા નહોતા. આના પર વિવાદ થયો. થોડા મહિના પછી પંજાબ, ગોવા, ઉત્તરાખંડ, મણિપુર અને યુપીમાં ચૂંટણીઓ યોજાઈ. તેમાં કોંગ્રેસનું પ્રદર્શન સારું રહ્યું નહોતું. આ પછી ઘણા કોંગ્રેસ નેતાઓએ તેને રાહુલના વિદેશ પ્રવાસ સાથે જોડ્યું. રાહુલ પર આરોપ લાગ્યો કે ઈટાલી જવા માટે તેમણે પંજાબમાં રેલી રદ કરાવી દીધી હતી.

ડિસેમ્બર 2019- ભારતમાં CAA વિરુદ્ધ મોટું આંદોલન ચાલી રહ્યું હતું. રાહુલ ગાંધી ત્યારે દક્ષિણ કોરિયા ગયા હતા. તેમની આ યાત્રાને લઈને ઘણા કોંગ્રેસી નેતાઓએ પણ સવાલો ઉઠાવ્યા હતા.

ઓક્ટોબર 2019- હરિયાણા અને મહારાષ્ટ્રમાં યોજાનારી ચૂંટણીના માત્ર 15 દિવસ પહેલા રાહુલ ગાંધી કંબોડિયા ગયા. BJP એ કહ્યું કે રાહુલ ગાંધી પર્સનલ ટૂર પર બેંગકોક ગયા છે. જ્યારે, કોંગ્રેસે કહ્યું કે તેઓ મેડિટેશન માટે કંબોડિયા ગયા છે.

## 2 દિવસમાં ખૂલશે એપસ્ટીન સેક્સ સ્કેન્ડલ ફાઈલ: ટ્રમ્પનું નામ આવ્યું, દુનિયાભરના નેતાઓ-બિઝનેસમેનોમાં ફફડાટ; શું કોઈ ભારતીય પણ સામેલ?

**વોશિંગ્ટન, તા.17**

ટ્રમ્પ વહીવટીતંત્ર 19 ડિસેમ્બરે કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા દાયકાઓ જૂના સરકારી રેકોર્ડ સાર્વજનિક કરી શકે છે. આ દરમિયાન એપસ્ટીન કેસ સાથે સંબંધિત તમામ ઈમેલ, તસવીરો અને દસ્તાવેજો જાહેર થશે. તેનો હેતુ એપસ્ટીનના સમગ્ર નેટવર્કની સચ્ચાઈ સામે લાવવાનો છે. આરોપ છે કે આ નેટવર્કમાં સગીર છોકરીઓનું શોષણ થયું હતું અને દુનિયાના ઘણા શક્તિશાળી લોકો આમાં સામેલ હતા. આ પહેલા આ કેસ સાથે જોડાયેલી 19 તસવીરો 12 ડિસેમ્બરે સાર્વજનિક થઈ હતી. તેમાં ટ્રમ્પની 3 તસવીરો છે. આ ઉપરાંત પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, અબજોપતિ બિલ ગેટ્સ જેવી મોટી હસ્તીઓની તસવીરો પણ સાર્વજનિક થઈ હતી. હવે એપસ્ટીન સાથે જોડાયેલા તમામ રેકોર્ડ સાર્વજનિક થવામાં માત્ર 2 દિવસ બાકી છે. આવી સ્થિતિમાં, માત્ર અમેરિકામાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં રાજકીય અને વ્યાપારી વર્તુળોમાં હલચલ તેજ બની ગઈ છે. અત્યાર સુધી કોઈ ભારતીય નાગરિક કે ભારતીય નેતા-ઉદ્યોગપતિનું નામ સત્તાવાર રીતે સામે આવ્યું નથી. ભારતીય નેતા સુબ્રમણ્યમ સ્વામીએ દાવો કર્યો છે કે તેમાં કેટલાક




ભારતીય મંત્રીઓ, પૂર્વ મંત્રીઓ અને વર્તમાન સાંસદોના નામ સામે આવી શકે છે. જોકે અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે આવા કોઈ સંકેત આપ્યા નથી. પરંતુ એપસ્ટીનના સંબંધો અમેરિકા બહારના દેશોના નેતાઓ અને ઉદ્યોગપતિઓ સાથે પણ હોવાનું કહેવાય છે, તેથી સમગ્ર વિશ્વની નજર આ ફાઈલો પર ટકેલી છે. આની શરૂઆત 2005માં શરૂ થઈ. જ્યારે ફ્લોરિડામાં એક 14 વર્ષની છોકરીની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે તેની પુત્રીને 'મસાજ' ના આડમાં એપસ્ટેઈનના વૈભવી ઘરમાં લલચાવીને લઈ જવામાં આવી હતી, પરંતુ તે આવ્યા પછી તેને સેક્સ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. જ્યારે તેણે ઘરે પાછા ફરીને આ વાત તેના માતા-પિતાને કહી, ત્યારે તેઓએ તરત જ પોલીસમાં ફરિયાદ કરી. ત્યારે પહેલીવાર જેફ્રી એપસ્ટીન વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાઈ. પોલીસ તપાસ દરમિયાન એવું સામે આવ્યું કે આ એકલો કિસ્સો નથી. ધીમે ધીમે લગભગ 50 સગીર છોકરીઓની ઓળખ થઈ, જેમણે એપસ્ટીન પર આવા જ આરોપો લગાવ્યા હતા. પામ બીચ પોલીસ ડિપાર્ટમેન્ટે આ મામલાને ગંભીરતાથી લીધો અને ઘણા મહિનાઓ સુધી તપાસ કરી. આ પછી એપસ્ટીન વિરુદ્ધ ફોજદારી તપાસ શરૂ થઈ. કેસની તપાસમાં જાણવા મળ્યું કે એપસ્ટીન પાસે મેનહટન અને પામ બીચમાં આલીશાન વિલા છે. એપસ્ટીન અહીં હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓ કરતો હતો, જેમાં ઘણી મોટી હસ્તીઓ સામેલ થતી હતી. એપસ્ટીન પોતાના ખાનગી જેટ 'લોલિતા એક્સપ્રેસ'થી પાર્ટીઓમાં નાની ઉંમરની છોકરીઓ લઈને આવતો હતો. તે છોકરીઓને પૈસા-દાગીનાની લાલચ અને ધમકી આપીને મજબૂર કરતો હતો. આમાં એપસ્ટીનની ગર્લફ્રેન્ડ અને પાર્ટનર ગિસ્લીન મેક્સવેલ તેનો સાથ આપતી હતી. જોકે, પ્રારંભિક તપાસ પછી પણ એપસ્ટીનને લાંબા સમય સુધી જેલ થઈ ન હતી. તેનો પ્રભાવ એટલો હતો કે 2008માં તેને માત્ર 13 મહિનાની સજા ફટકારવામાં આવી હતી, જેમાં તે જેલની બહાર જઈને કામ પણ કરી શકતો હતો. વર્ષ 2009માં જેલમાંથી બહાર આવ્યા પછી એપસ્ટીન લો પ્રોફાઈલ રહેવા લાગ્યો. બરાબર 8 વર્ષ પછી અમેરિકામાં મી ટુ મૂવમેન્ટ શરૂ થયું.

## લુધિયાણા સેન્ટ્રલ જેલમાં અથડામણ, કેદીઓએ અધિકારીઓને માર્યા: જેલ સુપરિન્ટેન્ડેન્ટનું માથું ફોડ્યું

**લુધિયાણા, તા.17**

પંજાબના લુધિયાણાના તાજપુર રોડ સ્થિત સેન્ટ્રલ જેલમાં મંગળવારે સાંજે લગભગ 7 વાગ્યે કેદીઓ વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો. આ દરમિયાન અધિકારીઓ રૂટિન ચેકિંગ માટે જેલની અંદર પહોંચ્યા, ત્યારે કેદીઓએ એક પોલીસકર્મી પર હુમલો કર્યો.

હુમલાની જાણ થતાં જ જેલ સુપરિન્ટેન્ડેન્ટ કુલવંત સિદ્ધુ ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિ શાંત કરવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન એક કેદીએ જેલ સુપરિન્ટેન્ડેન્ટના માથા પર ઈંટ મારી દીધી, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ થઈ. ઘાયલ અવસ્થામાં તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ડીસીપી સિક્યોરિટી જગજીત સિંહને પણ ઘૂંટણ પર ઈજા થઈ છે. તેઓ પણ હોસ્પિટલમાં દાખલ છે. જેલ મંત્રી લાલજીત સિંહ ભુલ્લરે જેલ અધિકારીઓ પાસેથી સમગ્ર પરિસ્થિતિનો અહેવાલ માંગ્યો છે. જ્યારે, પોલીસ કમિશનર સ્વપ્ન શર્મા સહિતના વરિષ્ઠ અધિકારીઓ જેલ



પહોંચ્યા અને પરિસ્થિતિ પર નજર રાખી. બીજી તરફ, જેલમાંથી મુક્ત થઈને બહાર આવેલા એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે એક બેરેકના લગભગ 200 થી 250 કેદીઓએ પોલીસકર્મીઓ પર હુમલો કર્યો છે. આ વ્યક્તિ કોઈ કેસમાં અંદર હતો અને તેને મંગળવારે જ જામીન મળ્યા છે.

દિવસ દરમિયાન ઝઘડો થયો, સાંજે ફરીથી કેદીઓમાં અથડામણ: માહિતી અનુસાર, તાજપુર રોડ સ્થિત સેન્ટ્રલ જેલમાં પહેલા દિવસના સમયે કેદીઓ વચ્ચે લડાઈ થઈ હતી. ત્યારબાદ સાંજના સમયે ફરીથી લડાઈ થઈ. હજુ સુધી એ જાણવા મળ્યું નથી કે લડનારા કેદીઓ કોણ હતા.

રૂટિન ચેકિંગ દરમિયાન પોલીસકર્મી પર હુમલો: આ દરમિયાન સાંજે લગભગ 7 વાગ્યે અધિકારીઓ રૂટિન ચેકિંગ માટે અંદર ગયા. આ જ સમયે કેદીઓએ એક પોલીસકર્મી પર હુમલો કર્યો. હુમલાની વાત સાંભળીને જેલ સુપરિન્ટેન્ડેન્ટ કુલવંત સિદ્ધુ ઘટનાસ્થળે પહોંચી ગયા અને તેમણે મામલો શાંત કરવાનો પ્રયાસ કર્યો. સુપરિન્ટેન્ડેન્ટના માથામાં ઈંટ મારી: મામલો શાંત કરાવવા દરમિયાન એક કેદીએ સુપરિન્ટેન્ડેન્ટના માથા પર ઈંટ મારી દીધી. જેના કારણે તેમને ગંભીર ઈજા થઈ છે. તેમની સારવાર એક ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી છે. DIG હેડક્વાર્ટર મનમોહન સિંહે કહ્યું કે, અત્યાર સુધીની માહિતી મુજબ સુપરિન્ટેન્ડેન્ટ જેલના માથામાં ઈજા થઈ છે. જેમણે આ કૃત્ય કર્યું છે, તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ડોક્ટરે કહ્યું- સુપરિન્ટેન્ડેન્ટની હાલત ઠીક છે: અકાઈ હોસ્પિટલના ચેરમેન ડો. બલદેવ સિંહ ઔલખે જણાવ્યું કે તેમને જેલ સુપરિન્ટેન્ડેન્ટ કુલવંત સિંહનો ફોન આવ્યો તો તેઓ તરત જ હોસ્પિટલ આવી ગયા. તેમણે જણાવ્યું કે જેલ સુપરિન્ટેન્ડેન્ટના માથા પર પથ્થર કે ઈંટથી ગંભીર ઈજા થઈ છે.

**તંત્રી લેખ**

## રશિયા-યુક્રેન માટે બર્લિનમાં 28 મુદ્દાની ફૉર્મ્યૂલા

વર્ષ હતું 1990... જ્યારે સોવિયેત યુનિયનના ટુકડા થઈ રહ્યા હતા, ત્યારે પશ્ચિમી જગતે મોસ્કોની આંખમાં આંખ નાખીને એક વચન આપ્યું હતું કે 'NATO પૂર્વ દિશામાં એક ઈંચ પણ આગળ નહીં વધે.' બરાબર 32 વર્ષ પછી 2022માં... યુક્રેનની નાટોમાં જોડાવાની જીદ અને પશ્ચિમના વચન તોડવાના કારણે વિશ્વને સંભવિત ત્રીજા વિશ્વયુદ્ધની અણી પર ઉભું કરી દીધું. કારણ હતું રશિયા-યુક્રેન યુદ્ધ... અને આજે, બરાબર 35 વર્ષ પછી, ઈતિહાસનું ચક્ર પૂરું થયું છે. જે શરત પર રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું હતું, આજે એ જ શરત પર યુદ્ધ અટકી રહ્યું છે. હાલના અહેવાલો મુજબ યુક્રેન નાટોમાં નથી જોડાઈ રહ્યું, પણ રશિયાએ અડધું યુક્રેન ગળી લીધું છે. લગભગ 5 લાખ સૈનિકોના લોહી અને અંદાજે 524 અબજ ડોલરની રાખ પર લખાયેલી આ બર્લિન સમજૂતી શું ખરેખર શાંતિ છે કે પછી આવનારા કોઈ મોટા તોફાન પહેલાનો વિરામ? આજે આપણે છેલ્લા પોણા ચાર વર્ષથી ચાલતા યુદ્ધને રોકવા માટે ટેબલ પર આવેલી લેટેસ્ટ 28 મુદ્દાની સમજૂતીની વાત કરીશું.

સૌથી પહેલા, વાત કરીએ કે હાલ રશિયા યુક્રેન યુદ્ધનું અપડેટ શું છે? વોશિંગ્ટન, મોસ્કો અને કિવ વચ્ચે છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચાલી રહેલી 'મેરેથોન શાંતિ બેઠકો' બાદ 'બર્લિન શાંતિ સમજૂતી' પર ડિલ થઈ છે. મહોર હજુ નથી લાગી. કહેવાઈ રહ્યું છે કે 90 ટકા શક્યતા છે રશિયા-યુક્રેન યુદ્ધ પૂરું થઈ જશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપિયન નેતાઓના દબાણ હેઠળ તૈયાર થયેલો આ પિસ પ્લાન છે.

યુક્રેન NATO રાગ ભૂલ્યું

આ ડીલની સૌથી મોટી શરત જેનું દુનિયાએ ધ્યાન ખેંચ્યું છે તે એ છે કે યુક્રેન હવે નાટોના સભ્ય બનવાનું સપનું છોડી દેશે. પણ અહીં એક નવી સિસ્ટમ સામે આવી છે. નાટો મેમ્બરશીપના બદલે, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને જર્મની જેવા દેશો યુક્રેનને નાટોના 'આર્ટિકલ 5' જેવી જ મજબૂત સિક્યોરિટી ગેરંટી આપશે.

NATO Vs સુરક્ષા ગેરંટી

નાટો મેમ્બરશીપ એટલે ચોક્કસ દેશોની ભાઈબંધી. જેના આર્ટિકલ 5 મુજબ તે દેશોના એક દેશ પર હુમલો એટલે બધા પર હુમલો. સામેની બાજુ જે સુરક્ષાની ગેરંટી યુક્રેનને મળી છે તે મુજબ પશ્ચિમી દેશો લેખિત વચન આપશે કે જો ભવિષ્યમાં રશિયા ફરી હુમલો કરે, તો તેઓ પોતાની સેના અને હથિયારો સાથે યુક્રેનને બચાવવા આવશે. આ મુદ્દે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીનું હમણાં જ એક નિવેદન આવ્યું છે, જે એમની લાચારી અને વાસ્તવિકતા બંને બતાવે છે. તેમણે કહ્યું કે, અમેરિકા અને યુરોપ તરફથી મળતી આ ગેરંટી જ હવે અમારું રક્ષા કવચ છે. અમારા તરફથી આ એક 'સમાધાન' છે, પણ શાંતિ માટે તે જરૂરી છે. આ ઘટનાને સમજવા થોડી ભૂતકાળની પણ વાત કરીએ. આખરે આપણે અહીં સુધી પહોંચ્યા કેવી રીતે? પશ્ચિમની ભવિષ્યવાણી ખોટી પડી પશ્ચિમી મીડિયાએ 2022માં દાવો કર્યો હતો કે રશિયાની અર્થવ્યવસ્થા મહિનાઓમાં તૂટી પડશે. પણ એવું કંઈ ન થયું. 2025 આવતા સુધીમાં રશિયા તૂટ્યું નહીં.

# રામાયણમાં બધાં જ પાત્રો ધર્મની વાત કરે છે, પણ આપણે કોની વાત સાચી માનીશું ! ?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



માનસ સાવધાનની છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય મહાપ્રભુજીની વાત કહી, કે કથા કહેનારા કેવા હોઈએ હોવા જોઈએ તથા સાંભળનારા કેવા હોવા જોઈએ ચૈત્રીય શાખામાં આવેલ પ્રકરણમાં 20 પ્રકારના જલનું વિવરણ છે. મહાપ્રભુજીએ સાવ સરળતાથી એ વાતને પ્રસ્થાપિત કરીને કહ્યું કે કયા વક્તા પાસેથી કથા સાંભળવી! મહાપ્રભુજી સાથે વૈષ્ણવ સંપ્રદાયનું નામ આવે! પણ એને એટલું સંકીર્ણ બનાવો નહીં! મહાપ્રભુજી એ સાવ સરળતાથી ક્રાંતિકારી વાતો કરી છે. અન્ય સંપ્રદાય કહે છે, કે સ્ત્રીને ઉપનયન સંસ્કાર ન હોવાથી, એ કથા કરી શકતી નથી, પરંતુ મહાપ્રભુજી કહે છે સ્ત્રી હોય કે પુરુષ કોઈ જાતિભેદ નથી, શરત માત્ર એટલી છે કે ગુરુમુખી હોવું જોઈએ, ચાર વસ્તુ ગુરુમુખી હોય એ કથા કરી શકે છે.

ગુરુમુખી ન હોય તો પરિણામ મોડુ મળે અથવા તો એ પહેલા પ્રારબ્ધ પણ પૂરું થઈ જાય(૧) ઈષ્ટ ગ્રંથ ગુરુ મુખ હોવો જોઈએ. તો એ અનુસંધાને એક પ્રશ્ન થયો કે બાપુ આપના ગુરુએ રામાયણ અને ગીતાનાં પાઠ કરવાનું કહ્યું હતું, તો આ તો બે ગ્રંથ થઈ ગયા. સાકેતવાસી પંડિત રામકિંકર મહારાજે કહ્યું હતું કે ભગવત ગીતા યોગ છે, અને રામચરિતમાનસ પ્રયોગ છે, એટલે કે બંને એક જ છે બે નથી. મહાપ્રભુજીએ પણ ઈષ્ટ ગ્રંથનો આશારો કર્યો, છતાં એમને ત્રણ ગ્રંથો પર પ્રસ્થાનત્રયી લખી છે, બ્રહ્મસૂત્ર પર, ઉપનિષદ અને ભાગવત ગીતા આ ત્રણેય પર એમનું આખું અણુભાષ્ય છે. તો પ્રથમ ઈષ્ટ ગ્રંથ એટલે કે શાસ્ત્ર વિદ્યા ગુરુમુખી હોવી જોઈએ. (૨) મંત્ર ગુરુ મુખી હોવો જોઈએ, પરંતુ મંત્ર તો સર્વ વ્યાપ્ત હોય! પંચાક્ષર મંત્ર લ્યો, 24 અક્ષરનો ગાયત્રી મંત્ર લ્યો કે પછી જૈનો નો ૐ નમો અરિહંતાણં, બુદ્ધનો બુદ્ધં શરણં ગચ્છામિ! આમ કોઈ મંત્રથી નખશિખ શુદ્ધ થયાં હોય એની પાસેથી મંત્ર લ્યો.(૩) વચન ગુરુ મુખી, ગુરુ કહી દે એની પર ભરોસો રાખવો, વાત ખતમ!(૪)ગુરુ વ્યક્તિ પણ હોય અને વ્યક્તિત્વ પણ હોય શકે આખું અસ્તિત્વ પણ હોય શકે!

ભગવત કથા ખુલ્લુ દ્વાર છે તમે પાપી છો તમે આવા છો એવું બધું કહીને શા માટે ધર્મ ધમકાવી રહ્યો છે તુલસીદાસજીએ ભરતજીનું મંથન કરાવ્યું તુલસીદાસજી નો હેતુ એ ન હતો રામના અવતારનો હેતુ રાવણને મારવાનો ન હતો અલબત્ત એ કાર્ય એણે જરૂર કર્યું છે પરંતુ એનો મુખ્ય એજન્ડા નથી રાવણને નિર્વાણ આપવાનું છે પરંતુ રાવણને મારવો એ મુખ્ય કાર્ય નથી વનમાં જઈને તપસ્વી જીવન જીવવાનું ભગવાન રામના એજન્ડામાં નથી એ કર્યા કર્યું જરૂર પરંતુ મુખ્ય કાર્ય તો ભરતનું મંથન થાય ભરતરૂપી સંતના ભીતરમાંથી વિશ્વને પ્રેમરૂપી અમૃત પ્રાપ્ત થાય એ એકમાત્ર એજન્ડા છે અને આ હું નથી કહેતો તુલસી કહે છે.

પ્રેમ અમીઅ મંદરૂ બિરહુ ભરત પયોધિ ગંભીર,
મથી પ્રગટ સુર સાધુ હિત કૃપાસિંધુ રઘુબીર.

ભગવાન રામ નો વીર તો મંદરાચલ છે પરંતુ ભરતનો વિરસ સમુદ્ર છે, એને ભગવાનના વિરહથી મથવામાં આવ્યો જેથી વિશ્વને પ્રેમરૂપી અમૃત મળ્યો આ મંથનમાંથી પણ 14 રત્ન નીકળ્યા મને કહેવા દો ભરતનું મંથન શરૂ થયું તો પહેલું રત્ન જે નીકળ્યું એ ધર્મ! સમુદ્ર મંથનમાં અમૃત તો પછીથી જ નીકળે પહેલા તો ઝેર નીકળે. આપણી ભીતર પણ સદગુણ અને દુર્ગુણરૂપે સુર અને અસુર મંથન કરી રહ્યા છે સદગુણ ને માર ખાવો પડે છે પૌરાણિક કથાઓ વાંચો સાંભળો અસુરો અને દેવતાઓ જિંદગીભર લડતા જ રહ્યા અને એમાં દેવતા માર ખાય છે. થોડા સમય માટે આપણા અવગુણ સદગુણ પર હાવી થઈ જાય છે, સદગુણ દબાઈ ગયા પરંતુ મંથન ચાલુ રાખો અમૃત મોડેથી આવશે જ કથા સાંભળો તથા ગાઓ અને અમૃત ન મળે તો ઈશ્વર બેયમાં છે કથામાં એ તાકાત છે, કે એ આપણા સદગુણ ને મથીને પ્રેમામૃત કાઢી શકે. દુનિયાદારી સુધારવા પર ભાર મૂકે છે જ્યારે વ્યાસપીઠનું સૂત્ર છે કે સ્વીકારો! સંપ્રદાય નિષેધ કરે કે આમ ન કરો તેમ ન કરો પરંતુ સાચો ધર્મ તો એ જ છે જે સૌનો સ્વીકાર કરે. ભગવાન શ્રીરામ ને મનાવવા માટે ભરતજી તથા વશિષ્ઠ ચિત્રકૂટ જઈ રહ્યા છે, રસ્તામાં નિષાદ રાજ મળે છે, એક પતિત, વંચિત ગરીબ છેક છેવાડાનો માનવી એની ભીની આંખો જોઈ અને વશિષ્ઠજી કહે છે રામ સખા છે રામ સખા શબ્દ સાંભળતા જ ભરત રથમાંથી કૂદીને એને મળવા દોડે છે, નિષાદ રાજ ના પાડે છે છતાં એને પોતાની બાહોમાં સમાવી લીધો! પણ ગુરુ વશિષ્ઠ રથમાંથી ઉતરી શક્યા નહીં એટલે કે ક્યારેક ક્યારેક ધર્મ આવો ભેદ કરાવી જાય છે.

મહાપ્રભુજીએ દોષ ક્યાં ક્યાંથી પ્રગટ થાય છે એના ત્રણ સ્થાન બતાવ્યા છે એક કાળના પ્રભાવથી દોષ પ્રગટ થાય છે એટલે કે કળી નો પ્રભાવ, અધિકતમ આ રીતે કાળનો દોષ હોય છે, કાળ નો બીજો સંદર્ભ ઋતુકાળ એટલે કે અત્યંત ગરમી, કે સારું ચોમાસુ છે, અને ઘણા બધા કીડા મકોડા પેદા થાય છે, એમ આ રીતે ઋતુને કારણે પણ કામ, ક્રોધ, ઈર્ષા, લોભ, મોહ જેવા દોષ પ્રગટ થાય છે. બીજું સ્વભાવગત દોષ પ્રગટ થાય છે એટલે ઘણા સ્વભાવથી જ અહંકારી હોય મૂડ હોય લોભી હોય ઈર્ષાળુ હોય છે. તો ત્રીજું મહાપ્રભુજી કહે છે કે હરિ ઈચ્છા પણ દોષનું કારણ છે, ભગવાન સ્વયમ ઈચ્છે છે કે આમાંથી દોષ નીકળે.

ભરત રૂપી સમુદ્રને મથવાનો એક એજન્ડા હતું પ્રેમ પરંતુ પહેલા ધર્મ નીકળ્યો પ્રેમરૂપી અમૃત છેલ્લે નીકળ્યું ભરત એ જે રત્ન ને ઓળખ્યું એ હીરાને ઓળખ્યો! રામચરિત માનસ એક એવું શાસ્ત્ર છે એમાં બધાને મોઢે ધર્મની વાત છે ભગવાન રામ પણ ધર્મની વાત કરે છે હનુમાનજી પણ કરે છે ભારદ્વાજ પણ કરે છે વાલ્મિકીજી પણ કરે છે દશરથ પણ કરે છે વશિષ્ઠજી પણ ધર્મની વાત કરે છે અરે રાવણ પણ ધર્મની વાત કરે છે પરંતુ કોના મુખનો ધર્મ આદર્શ બની શકે! અંગતને રાવણ કહે છે હું તને હમણાં જ મૃત્યુ દંડ આપી શકું પરંતુ મને ધર્મ અને નીતિ રોકે છે ધર્મની યાદ વાલી એ પણ લીધી છે મંત્રા પણ ધર્મની આણ આપે છે કે મારાથી અસત્ય સહી શકાતું નથી એટલા માટે હું આપને વચન યાદ દેવરાવું છું. કુસંગથી જેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે એ સ્વયમ કૈકેયી પણ ધર્મની આણ લે છે. પરંતુ ધર્મની સાચી વ્યાખ્યા એ જ આપી શકે જેણે પોતાના જીવનમાં અસહ્ય પ્રેમ દશાનો અનુભવ કર્યો હોય ધર્મ રાધા શીખવી શકે ધર્મ ભરત શીખવી શકે કેમ કે એમની બંને પાસે ધર્મનો સાર છે ધર્મનો અર્થ છે. ધર્મના ચાર ચરણ છે સત્ય, તપ, દયા, દાન, અને રામચરિત માનસના જે પાત્રોએ ધર્મની આણંદ લીધી છે એ બધાય ના ચારેય ચરણમાં સાતત્યતા જોવા મળતી નથી. એક પ્રશ્ન, ધર્મ અર્થ કામ અને મોક્ષ વિશે સમજાવો! મારા માટે ધર્મ સત્ય છે મારા માટે અર્થ પ્રેમ છે, મારા માટે કામ કરુણા છે, અને મારા માટે મોક્ષ એ ત્રણેયનો સમન્વય છે.સત્ય જ ધર્મ છે,જેટલી માત્રામાં આપણે અનુસરી શકીએ, જીવનનો પ્રેમ જ અર્થ છે, અહીં અર્થ એટલે પૈસા નહીં ગ્રંથોમાં અર્થના 15 દોષ બતાવ્યાં છે, જીવનનો અર્થ છે પ્રેમ કરવો. કામનો અર્થ વ્યાસપીઠ કરે છે કે બધા જ પર કરુણા કરવી, અને આ ત્રણેયનો સમન્વય થાય એ ઘાટ નું નામ મોક્ષ છે.

સેવામાં સાવધાન રહેવું બહુ જરૂરી છે, સામેવાળાની રૂચી જોઈને સેવા કરવી, વિવેક પૂર્વક સેવા કરવી, સ્પર્ધા મુક્ત થઈને સેવા કરવી, શ્રીમદ શંકરાચાર્યએ કહ્યું છે કે સેવામાં રજો ગુણ વર્જ્ય છે. ટૂંકમાં સેવામાં, સ્નેહમાં, અને સન્માનમાં સાવધાન રહેવું. અયોધ્યામાં ચારે ભાઈઓના નામકરણ ની કથા કહી છઠ્ઠા દિવસની કથા ને વિરામ આપ્યો.

## દ્વારકાધીશના દર્શને જતાં ઓગડ-દિયોદર તાલુકાના અધગામ નવાગામના ચાર પદયાત્રીઓને કાળ ભરખી ગયો



**યશપાલસિંહ ટી. વાઘેલા થરા, તા. 17**

બનાસકાંઠા- વાવ થરાદ જિલ્લાના ઓગડ- દિયોદર તાલુકાના અધગામ અને નવાગામના શ્રદ્ધાળુઓનો એક પદયાત્રી સંઘ ગત ૧૧મી ડિસેમ્બરના રોજ દિયોદર તાલુકા ના નવા ગામથી પગપાળા દેવભૂમિ દ્વારકામાં દ્વારકાધીશના દર્શનાર્થે જઈ રહ્યા હતા. તા.૧૬મી ડિસે. મંગળવારે માળિયા મિયાણા તાલુકાના સરવડ ગામ પાસે આવેલા સાપેશ્વર મહાદેવ મંદિરે રાત્રિ રોકાણ બાદ બુધવારની વહેલી સવારે સરવાલ હનુમાન મંદિરથી સંઘના સભ્યો માળિયા-પીપળીયા હાઈવે પર ચાચાવદરડા ગામ પહોંચ્યા હતા.જ્યાં પાછળથી એક કાળ મુખો યમરાજ બનીને આવતા કન્ટેનર ભરેલો ટ્રક પદયાત્રીને રમકડાંની માફક હાઈવે પર અડફેટે લીધા હતા.ટ્રકે એટલી જોરથી ચારેય પદયાત્રીને ઉલાળ્યાં કે કોઈને ઊભા થવાનો પણ મોકો મળ્યો ન હતો. ચારેય પદયાત્રીઓની લાશો રોડ પર પથરાઈ ગઈ હતી. થોડીવાર બાદ બીજી એક કન્ટેનર ભરેલી ટ્રક પણ ત્યાંથી નીકળી હતી. જોકે, આ ટ્રકે લાશ પડી હતી તેની સાઈડમાંથી ટ્રક હંકારી હતી.આ દુર્ઘટનામાં ૪ ચાર શ્રદ્ધાળુ પદયાત્રીઓના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા,જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સાર વાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા શ્રદ્ધાળુ પદયાત્રીઓ ૧.દિલીપભાઈ રયાભાઈ ચૌધરી (ઉં.વ. ૨૮, રહે. અધગામ,ઓગડ)૨. હાર્દિકભાઈ માલાભાઈ ચૌધરી (ઉં.વ. ૨૮, રહે. અધગામ,તા. ઓગડ)૩. ભગવાનભાઈ લાલભાઈ ચૌધરી (ઉં.વ. ૬૫, રહે. નવા તા.દિયોદર) ૪.અમરાભાઇ લાલાભાઇ ચૌધરી (ઉં.વ. ૬૨,રહે. નવા તા.દિયોદર) ટ્રકની પાછળથી ટક્કર એટલી ભયાનક હતી કે પદયાત્રીઓના શરીરના ફંગોળાઈ જવાને કારણે ચારેયના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. સવારે હાઈવે પર લોહીલુહાણ હાલતમાં લાશોના ઢગલા જોઈને પસાર થતાં વાહનચાલકો થંભી ગયા હતા. આ અકસ્માતમાં ૫૦ વર્ષીય નરસંગભાઇ ચૌધરી ગંભીર રીતે ઘાયલ થયા હતા જેમને તાત્કાલિક મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળે છે. દુર્ઘટનાના સમાચાર મળતા જ ટંકારાના ધારાસભ્ય દુર્લભજી દેથરીયા મોરબી સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેમણે ઈજાગ્રસ્તોની પૂછપરછ કરી સાંત્વના આપી હતી અને મૃતદેહોને સન્માનપૂર્વક તેમના વતન ઓગડ દિયોદર મોકલવા માટે જરૂરી વ્યવસ્થા કરી આપી હતી. ઘટનાની જાણ થતા જ માળિયા-મિયાણા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ટ્રાફિક હળવો કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા.

# અહંકાર અને ગેરસમજ આ બે વસ્તુ પરિવાર અને મિત્રોથી દૂર કરી દે છે,ગેરસમજ સત્ય સાંભળવા નથી દેતું.અહંકાર સત્ય જોવા નથી દેતું



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



એક ઉદ્યોગપતિ એક મોટી મિલ નો માલિક હતો.જે ઘણા લોકોને રોજીરોટી પૂરી પાડતો તે મિલ લાખોનું ઉત્પાદન કરતી હતી, જ્યારે ઉદ્યોગપતિ કરોડો રૂપિયાથી રમતા હતા.તે પોતાના કર્મચારીઓની પણ યોગ્યકાળજી લેતો.છેવટે,પોતે જાહોજલાલી કરતો અને મિલ ધમધોકાર ચાલતી તેના કર્મચારીઓના કારણે જ,આ વાત તે હંમેશા યાદ રાખતો કર્મચારીઓ પણ તેમના આવા પ્રેમથી વફાદારી નિષ્ઠા પૂર્વક કામ કરતા હતા.

એક દિવસ,ઉદ્યોગપતિની મિલમાં અચાનક બધા યુનિટ કામ કરતા બંધ થઈ ગયા કારણ કે એક મહત્વપૂર્ણ મશીન ખરાબ થઈ ગયું હતું. કર્મચારીઓથી લઈને નિષ્ણાતો સુધી,બધાએ ખૂબ જ મથામણ કરી પણ મશીન શરૂ કરવામાં નિષ્ફળ ગયા.ઉદ્યોગપતિ પણ ખૂબ જ મૂંઝવણમાં હતો. તેણે પોતાના કર્મચારીઓને રીપેરીંગ કરી શકે તેવા કુશળ કારીગરો શોધવા માટે મોકલ્યા.

થોડી વાર પછી,તેઓ એક સામાન્ય દેખાતા માણસને બોલાવી લાવ્યા.તેની તરફ જોઈને,ઉદ્યોગપતિએ નિસાશો નાખતાં પૂછ્યું, 'ભાઈ,શું તું આ મશીન ચાલુ કરી શકીશ?'તે માણસે મશીન તરફ ધ્યાનથી જોયું અને કહ્યું, 'હું તેને ચાલુ કરી આપીશ,પણ કામ માટે હું વીસ હજાર રૂપિયા લઈશ.'

ઉદ્યોગપતિ મૂંઝવણમાં હતો કે આટલા નાના કામ માટે આટલા બધા પૈસા ચૂકવવા કે નહીં.પરંતુ જોમશીન કામ ન કરે,તો ઉત્પાદન બંધ રહે,જેના કારણે મોટું નુકસાન થાય.તે સંમત થયો. પછી તે માણસે મશીન પર એકચોક્કસ જગ્યાએ હથોડી મારતાં જ મશીન શરૂ થઈ ગયું.ઉદ્યોગપતિ એ કહ્યું,'અરે,તેમાં કોઈકામ ન હોતું તો પછી તમે વીસ હજાર રૂપિયા કેમ માગી રહયો છે ?'

ત્યારે તે કારીગરે કહ્યું, 'કોઈપણ હથોડીથી માર કરી શકે છે,પણ બધા લોકોને ખબર નથી હોતી કે હથોડી ક્યાં મારવી?'

ઉદ્યોગપતિ અવાચક થઈ ગયો અને શાંતિથી તેને વીસ હજાર રૂપિયા આપી દીધા.

શેઠ-કારીગરની આ વાત સમજી શકો તો ધન્યવાદ બાકી જય શ્રીરામ.આજે શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આપણે જોઈએ તો વસિષ્ઠજીએ સંમતિ આપી ત્યારે દશરથજીએ સારું મુહુર્ત માગ્યું.

વસિષ્ઠજીએ જાતા હતા કે, મુહૂર્ત આપું પણ તે મુહૂર્તમાં રામચંદ્રજી ગાદી ઉપર બિરાજ વાના નથી. વસિષ્ઠજીએ કોઈ દિવસ આપ્યો નથી.કહ્યું કેરામજી જે દિવસે ગાદી ઉપર બેસે તે દિવસ શ્રેષ્ઠ છે.

વસિષ્ઠજીની ગૂઢાર્થ વાણી દશરથજી સમજી શકતા નથી. તેથી તેઓ નક્કી કરે છેકે,આવતી કાલનો દિવસ ઉત્તમ છે. આવતી કાલે જ રાજ્યાભિષેક થાય.તરત તેમણે હુકમ કર્યોકે,રાજ્યાભિષેક માટે તૈયારી કરો.તાબડતોબ બધી તૈયારી ચાલી.

દશરથજીએ વસિષ્ઠજીને કહ્યું કે, રામનો રાજ્યાભિષેક કરવાનો છે. તે રામને હું નહીં કહું.તમે રામજી ને કહેજો! વસિષ્ઠ રામચંદ્રજીના મહેલમાં પધાર્યા ત્યાં તેમણે રામને કહ્યું કે,આવતીકાલે તમારો રાજ્યાભિષેક થવાનો છે. બધાને આનંદ થયો પણ રામજી થોડા ઉદાસ થાય છે. રામજી કહે, મને એકલાને ગાદી ઉપર બેસાડવો છે?વસિષ્ઠ કહે છે, રાજા તો એક જ હોય. રામજી કહે છે,ના,ના અમે ચારેય ભાઈઓનો રાજ્યાભિષેક કરો! મારો લક્ષ્મણ રાજા થાય, મારો ભરત રાજા થાય. અમે ચાર ભાઈઓ રાજા થઈએ!વસિષ્ઠ મંદ હાસ્ય કરી કહે છે કે,રાજા તો એક જ હોય જે જ્યેષ્ઠ હોય.તે રાજા થઈ શકે. તમે જ્યેષ્ઠ છો. દશરથજીએ વસિષ્ઠજીને કહ્યું કે, રામનો રાજ્યાભિષેક કરવાનો છે. તે રામને હું નહીં કહું.તમે રામજી ને કહેજો! વસિષ્ઠ રામચંદ્રજીના મહેલમાં પધાર્યા ત્યાં તેમણે રામને કહ્યું કે,આવતીકાલે તમારો રાજ્યાભિષેક થવાનો છે. બધાને આનંદ થયો પણ રામજી થોડા ઉદાસ થાય છે. રામજી કહે, મને એકલાને ગાદી ઉપર બેસાડવો છે?વસિષ્ઠ કહે છે, રાજા તો એક જ હોય. રામજી કહે છે,ના,ના અમે ચારેય ભાઈઓનો રાજ્યાભિષેક કરો! મારો લક્ષ્મણ રાજા થાય, મારો ભરત રાજા થાય. અમે ચાર ભાઈઓ રાજા થઈએ!વસિષ્ઠ મંદ હાસ્ય કરી કહે છે કે,રાજા તો એક જ હોય જે જ્યેષ્ઠ હોય.તે રાજા થઈ શકે. તમે જ્યેષ્ઠ છો.

એવામાં લક્ષ્મણજી ત્યાં આવ્યા. રામજી કહે,લક્ષ્મણ બાપુજી આવતીકાલે મને રાજા બનાવે છે લક્ષ્મણ,હું તો નામનો રાજા છું પણ રાજ્ય તારું જ છે હોં! આ રાજ્યલક્ષ્મી તારી છે. તું કહીશ તેમ હું ચાલીશ.રામ એ સર્વના અંતર્યામી છે.પરંતુ લક્ષ્મણરામના અંતર્યામી છે. લક્ષ્મણને આનંદ થયો છે.એ સૌને કહેતા ફરે છે કે મોટાભાઈ ગાદી ઉપર વિરાજશે અને હું ચમર લઈ ઊભો રહીશ. વસિષ્ઠજીએ જાતા હતા કે, મુહૂર્ત આપું પણ તે મુહૂર્તમાં રામચંદ્રજી ગાદી ઉપર બિરાજ વાના નથી. વસિષ્ઠજીએ કોઈ દિવસ આપ્યો નથી.કહ્યું કેરામજી જે દિવસે ગાદી ઉપર બેસે તે દિવસ શ્રેષ્ઠ છે.

વસિષ્ઠજીની ગૂઢાર્થ વાણી દશરથજી સમજી શકતા નથી. તેથી તેઓ નક્કી કરે છેકે,આવતી કાલનો દિવસ ઉત્તમ છે. આવતી કાલે જ રાજ્યાભિષેક થાય.તરત તેમણે હુકમ કર્યોકે,રાજ્યાભિષેક માટે તૈયારી કરો.તાબડતોબ બધી તૈયારી ચાલી.

દશરથજીએ વસિષ્ઠજીને કહ્યું કે, રામનો રાજ્યાભિષેક કરવાનો છે. તે રામને હું નહીં કહું.તમે રામજી ને કહેજો! વસિષ્ઠ રામચંદ્રજીના મહેલમાં પધાર્યા ત્યાં તેમણે રામને કહ્યું કે,આવતીકાલે તમારો રાજ્યાભિષેક થવાનો છે. બધાને આનંદ થયો પણ રામજી થોડા ઉદાસ થાય છે. રામજી કહે, મને એકલાને ગાદી ઉપર બેસાડવો છે?વસિષ્ઠ કહે છે, રાજા તો એક જ હોય. રામજી કહે છે,ના,ના અમે ચારેય ભાઈઓનો રાજ્યાભિષેક કરો! મારો લક્ષ્મણ રાજા થાય, મારો ભરત રાજા થાય. અમે ચાર ભાઈઓ રાજા થઈએ!વસિષ્ઠ મંદ હાસ્ય કરી કહે છે કે,રાજા તો એક જ હોય જે જ્યેષ્ઠ હોય.તે રાજા થઈ શકે. તમે જ્યેષ્ઠ છો.

એવામાં લક્ષ્મણજી ત્યાં આવ્યા. રામજી કહે,લક્ષ્મણ બાપુજી આવતીકાલે મને રાજા બનાવે છે લક્ષ્મણ,હું તો નામનો રાજા છું પણ રાજ્ય તારું જ છે હોં! આ રાજ્યલક્ષ્મી તારી છે. તું કહીશ તેમ હું ચાલીશ.રામ એ સર્વના અંતર્યામી છે.પરંતુ લક્ષ્મણરામના અંતર્યામી છે. લક્ષ્મણને આનંદ થયો છે.એ સૌને કહેતા ફરે છે કે મોટાભાઈ ગાદી ઉપર વિરાજશે અને હું ચમર લઈ ઊભો રહીશ.

આજે ગામ શણગારવામાં આવ્યું છે. વસિષ્ઠજીની આજ્ઞા પ્રમાણે દશરથજીએ હુકમ કર્યો છે. હૃદય માં આનંદ સમાતો નથી,દશરથના જીવનનો આ છેલ્લો દરબાર હતો આ સૂર્યવંશની પવિત્ર ગાદી ઉપર રઘુરાજા,ભગીરથ,દિલીપ વિરાજતા હતા, તે ગાદીને દશરથે પ્રણામ કર્યા. કહે,અત્યાર સુધી હું તારી ગોદમાં બેસતો હતો.હવે આવતીકાલે મારો રામ તારી ગોદ માં બેસશે.મારા રામનું તું રક્ષણ કરજે!

બધાને આનંદ થયો પણ દેવોને દુઃખ થયું. તેનું એક કારણ હતું. તેઓને થયું કે, આવતી કાલથી રામ ગાદી ઉપર બેસશે. તે પછી એ અયોધ્યામાં જ રોકાઈ રહેશે. પછી રાવણને મારવા કોણ જશે? વિઘ્નેશ્વરી દેવીનું આવાહન કર્યું. વિઘ્નેશ્વરી દેવી આવ્યાં.દેવોએ કહ્યું,અયોધ્યા જઈ રામના રાજ્યાભિષેકમાં વિઘ્ન કર. વાચક ચાહક મિત્રો,જીવનમાં કોઈપણ વસ્તુનું જ્ઞાન ક્યારેય નકામું નથી તે ક્યારેક, ક્યાંક કામમાં આવવાનું છે.જિંદગીમાં ક્યારેય કોઈ કુશળ કારીગર સાદા સીધા રૂપમાં મળી શકે છે કયાં ક્યો ફટકો મારવો તે કળા તે જ જાણતો હોય છે બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ. બધાને આનંદ થયો પણ દેવોને દુઃખ થયું. તેનું એક કારણ હતું. તેઓને થયું કે, આવતી કાલથી રામ ગાદી ઉપર બેસશે. તે પછી એ અયોધ્યામાં જ રોકાઈ રહેશે. પછી રાવણને મારવા કોણ જશે? વિઘ્નેશ્વરી દેવીનું આવાહન કર્યું. વિઘ્નેશ્વરી દેવી આવ્યાં.દેવોએ કહ્યું,અયોધ્યા જઈ રામના રાજ્યાભિષેકમાં વિઘ્ન કર.વાચક ચાહક મિત્રો,જીવનમાં કોઈપણ વસ્તુનું જ્ઞાન ક્યારેય નકામું નથી તે ક્યારેક, ક્યાંક કામમાં આવવાનું છે.જિંદગીમાં ક્યારેય કોઈ કુશળ કારીગર સાદા સીધા રૂપમાં મળી શકે છે કયાં ક્યો ફટકો મારવો તે કળા તે જ જાણતો હોય છે બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# ખેડા જીલ્લાનાં ઠાસરા તાલુકાનાં મરઘાકુઇ ગામે પ્રિસિઝનલ તાલીમ કાર્યક્રમ યોજાયો

## કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ યોજના



**નડિયાદ, તા. 17**

ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા દ્વારા આજરોજ ઠાસરા તાલુકાના મરઘાકુઈ ગામે કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ યોજના અંતર્ગત પ્રિસિઝનલ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રિસિઝનલ તાલીમ કાર્યક્રમમાં રવિ ઋતુ પૂર્વની ખેતી પાકોની માહિતી અને ખેડૂતોના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ખેડૂત ભાઈઓ તથા બહેનો મળી કુલ ૧૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ હતો. આ ઉપરાંત 'આત્મા' પ્રોજેક્ટ અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તથા પ્રાકૃતિક ખેતી માટે જરૂરી જીવામૃત ઘન જીવામૃત તથા અન્ય પ્રાકૃતિક દવાઓ ખેડૂતોને મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા બીઆરસી યુનિટ ની રચના કરવામાં આવેલ છે તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રાકૃતિક કૃષિ અભિયાનની યોજના બાબતે દેશી ગાયના ગોબર તથા ગૌમૂત્રમાંથી નિર્માણ જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃતનો ઉપયોગ રવિ ઋતુના પાકોમાં કરવા માટે માર્ગનિર્દેશન કરવામાં આવ્યા હતા. જેમાં સૌને પ્રાકૃતિક કૃષિ કરવાથી તેમાં થતા ફાયદાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ શિયાળુ ઋતુમાં થતા પાકોની ખેતી પદ્ધતિ, જાતો, રોગ જીવાત તેમજ પ્રાકૃતિક ખેતી થી શિયાળુ પાકોનું વાવેતર કરવા અંગેની માહિતી આપવામાં આવી. જેમાં મદદનીશ ખેતી નિયામકશ્રી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા, 'આત્મા' પ્રોજેક્ટના આસીસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર, કોમ્યુનિટી રિસોર્સ પર્સન (CRP) હાજર રહ્યા હતા. ખેડૂત તાલીમ કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ તથા પ્રાકૃતિક બોર્ડની યોજનાઓનો લાભ લેવા તાલુકા બીટીએમ/એટીએમ, તાલુકા ટીપીએમ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, ડીપીએમ તથા મદદનીશ ખેતી નિયામકનો ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા ખાતે સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક(તાલીમ) દ્વારા જાણાવવામાં આવ્યું છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનની યોજના બાબતે દેશી ગાયના ગોબર તથા ગૌમૂત્રમાંથી નિર્માણ જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃતનો ઉપયોગ રવિ ઋતુના પાકોમાં કરવા માટે માર્ગનિર્દેશન કરવામાં આવ્યા હતા. જેમાં સૌને પ્રાકૃતિક કૃષિ કરવાથી તેમાં થતા ફાયદાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ શિયાળુ ઋતુમાં થતા પાકોની ખેતી પદ્ધતિ, જાતો, રોગ જીવાત તેમજ પ્રાકૃતિક ખેતી થી શિયાળુ પાકોનું વાવેતર કરવા અંગેની માહિતી આપવામાં આવી. જેમાં મદદનીશ ખેતી નિયામકશ્રી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા, 'આત્મા' પ્રોજેક્ટના આસીસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર, કોમ્યુનિટી રિસોર્સ પર્સન (CRP) હાજર રહ્યા હતા. ખેડૂત તાલીમ કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ તથા પ્રાકૃતિક બોર્ડની યોજનાઓનો લાભ લેવા તાલુકા બીટીએમ/એટીએમ, તાલુકા ટીપીએમ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, ડીપીએમ તથા મદદનીશ ખેતી નિયામકનો ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા ખાતે સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક(તાલીમ) દ્વારા જાણાવવામાં આવ્યું છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનની યોજના બાબતે દેશી ગાયના ગોબર તથા ગૌમૂત્રમાંથી નિર્માણ જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃતનો ઉપયોગ રવિ ઋતુના પાકોમાં કરવા માટે માર્ગનિર્દેશન કરવામાં આવ્યા હતા. જેમાં સૌને પ્રાકૃતિક કૃષિ કરવાથી તેમાં થતા ફાયદાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ શિયાળુ ઋતુમાં થતા પાકોની ખેતી પદ્ધતિ, જાતો, રોગ જીવાત તેમજ પ્રાકૃતિક ખેતી થી શિયાળુ પાકોનું વાવેતર કરવા અંગેની માહિતી આપવામાં આવી. જેમાં મદદનીશ ખેતી નિયામકશ્રી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા, 'આત્મા' પ્રોજેક્ટના આસીસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર, કોમ્યુનિટી રિસોર્સ પર્સન (CRP) હાજર રહ્યા હતા. ખેડૂત તાલીમ કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ તથા પ્રાકૃતિક બોર્ડની યોજનાઓનો લાભ લેવા તાલુકા બીટીએમ/એટીએમ, તાલુકા ટીપીએમ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, ડીપીએમ તથા મદદનીશ ખેતી નિયામકનો ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા ખાતે સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક(તાલીમ) દ્વારા જાણાવવામાં આવ્યું છે.

# પ્રાકૃતિક ખેતીની તાલીમ આપતા કૃષિ સખી, સી.આર.પી. અને પ્રમોટર્સ માટે સાણંદમાં વિશેષ 'કૌશલ્ય વર્ધન તાલીમ' યોજાઈ



**અમદાવાદ, તા. 17**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખીચા ગામે ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, બોસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સાણંદ તાલુકાના ખીચા ગામે પ્રાકૃતિક ખેતીની તાલીમ આપતા કૃષિ સખી, સી.આર.પી. (CRP) અને પ્રમોટર્સ માટે વિશેષ 'કૌશલ્ય વર્ધન તાલીમ' યોજાઈ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો જેમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સાણંદના પ્રોજેક્ટ મેનેજર, શ્રી રાજભાઈ ડામોરે કૃષિ સખી અને સી.આર.પી.ની ભૂમિકા તથા તેમણે કરવાના થતા કાર્યો વિશે વિસ્તૃત સમજ આપી હતી. એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી અલ્પાબા ચૌહાણે પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતોને ભવિષ્યમાં સરકાર તરફથી મળવાપાત્ર વિવિધ યોજનાકીય લાભોની માહિતી આપી હતી. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે પ્રચાર-પ્રસારની પદ્ધતિઓ, ખેડૂતોનું સંગઠન અને ખેતીમાં આવતા પ્રશ્નોના નિરાકરણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, આચ્છાદન અને વાપસા પદ્ધતિ સાથે ખેતીમાં ગાયના મહત્વ વિશે વિશેષ જાણકારી આપી હતી.

તાલીમના અંતે ઉપસ્થિત ખેડૂતો અને તાલીમાર્થીઓના પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ સહભાગીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને અંતમાં જીવામૃત કેવી રીતે બનાવવું તેનો લાઈવ ડેમો બતાવી પ્રેક્ટિકલ તાલીમ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી વિજયભાઈ સોલંકી અને શ્રી મહેશભાઈ પટેલ, ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ શ્રી ધરમશીભાઈ, સાણંદ તાલુકા વિસ્તરણ અધિકારી શ્રી કમલેશભાઈ પ્રજાપતિ, ખીચા ગામના સરપંચ શ્રી સોડાભાઈ વાઘેલા, તળપદા કોળી પટેલ સમાજના સહમંત્રી શ્રી પ્રકાશભાઈ ડાભી તેમજ સાણંદ તાલુકાના 15 ગામોના પ્રમોટર્સ, કૃષિ સખીઓ અને સી.આર.પી. મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અમદાવાદ મંડળમાં રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ, "આશ્રમ સૌરભ" ઈ-મેગેઝિનનો 53માં અંકનું વિમોચન

**અમદાવાદ, તા. 17**

સરકારી કામકાજમાં રાજભાષાના પ્રયોગ અને પ્રગતિની સમીક્ષા માટે તારીખ 17.12.2025ના રોજ મંડલ રેલ પ્રબંધક શ્રી વેદપ્રકાશની અધ્યક્ષતામાં અમદાવાદ મંડલની મંડલ રાજભાષા અમલીકરણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ. રાજભાષા અધિકારી તથા સહાયક વાણિજ્ય પ્રબંધક હાફિઝ અલી ખાનએ ઉપસ્થિત અધિકારીઓનું સ્વાગત કર્યું. બેઠક દરમિયાન હિન્દી કવિ રહીમજીની જન્મજયંતિ ઉજવવામાં આવી. આ પ્રસંગે, અમદાવાદ ડિવિઝનના હિન્દી મેગેઝિન, 'આશ્રમ સૌરભ' ના 53મા અંકનું વિમોચન કરવામાં આવ્યું. બેઠક દરમિયાન હિન્દી પ્રશ્ન મંચનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ડિવિઝનલ રેલ્વે મેનેજરની 'રાજભાષા રત્ન' પ્રોત્સાહન યોજના હેઠળ, બે અધિકારીઓ અને છ કર્મચારીઓને, તેમજ હિન્દી પ્રશ્ન મંચ અને વિવિધ હિન્દી સ્પર્ધાઓના વિજેતાઓને, સરકારી કામમાં સત્તાવાર ભાષાના ઉત્તમ ઉપયોગ બદલ ઈનામ આપવામાં આવ્યા હતા. સમિતિના અધ્યક્ષ તથા મંડલ રેલ પ્રબંધક શ્રી વેદપ્રકાશે તમામ સભ્યોને સરકારી કામકાજમાં રાજભાષાની પ્રગતિ માટે પોતે ઉદાહરણરૂપ બનવા અપીલ કરી તેમજ ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગ દ્વારા જારી કરાયેલા વાર્ષિક કાર્યક્રમમાં નિર્ધારિત લક્ષ્યોની પ્રાપ્તી માટે કાર્ય યોજનાબદ્ધ રીતે કાર્ય કરવા માર્ગદર્શન આપ્યું. ઉપ મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડલ રેલ પ્રબંધક (ઈન્ફ્રા) મંજુ મીનાએ અધ્યક્ષ અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કરી સરકારી કામકાજમાં રાજભાષાની સતત પ્રગતિ માટે અપીલ કરી.

# તા. ૩૧ ડિસેમ્બરે બુધવારે સવારે ૧૧.૦૦ કલાકે સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ નડિયાદ ખાતે "વોક-ઇન-ઈન્ટરવ્યુ" લેવાશે

**નડિયાદ, તા. 17**

સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ, ખેડા ડીવિઝન,બીજો માળ, નડીયાદ હેડ પોસ્ટ ઓફીસ બિલ્ડીંગ, અમદાવાદી બજાર પાસે, નડિયાદ -૩૮૭૦૦૧ ટપાલ જીવન વીમા/ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજન્ટ બનવા માટે સોનેરી તક છે. પ્રવર અધિક્ષક ડાકઘર, ખેડા ડીવિઝન,નડિયાદ કચેરી દ્વારા ટપાલ જીવનવીમા/ગ્રામીણ ટપાલ જીવનવીમાના કમિશન એજન્ટ ની નિયુક્તિ માટે "વોક-ઈન-ઈન્ટરવ્યુ" નું આયોજન અહી જણાવેલ સ્થળ, તારીખ અને સમયે કરવામાં આવેલ છે. અહી આપેલી શરતો પૂર્ણ કરતા તેમજ રસ ધરાવતા ઉમેદવારો સ્વખર્ચે હાજર રહેવાનું છે. આ માટે તારીખ ૩૧/૧૨/૨૦૨૫ (બુધવાર) સમય - સવારે ૧૧.૦૦ કલાકે સિનીયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ,ખેડા ડીવીજન,બીજો માળ, નડીયાદ હેડ પોસ્ટ ઓફીસ બિલ્ડીંગ,અમદાવાદી બજાર પાસે, નડિયાદ -૩૮૭૦૦૧ ખાતે હાજર રહેવાનું છે. ધોરણ-૧૦મુ પાસ (૫૦૦૦ કરતા ઓછી જન સંખ્યાવાળા ગામ) અને ધોરણ-૧૨મુ પાસ (૫૦૦૦ કરતા વધુ જન સંખ્યાવાળા ગામ ) લાયકાત ધરાવતા, ૧૮ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવનારા અને ખેડા જીલ્લાના રહેવાસી, ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ વેચવાનો અનુભવ,કોમ્પ્યુટરની જાણકારી, સ્થાનિક જગ્યાની જાણકારી રાખનારને પ્રાથમિકતા અપાશે.

# તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર : અમદાવાદ મંડળમાંથી ચાલતી વધુ ત્રણ ટ્રેનો માટે ઓટીપી પ્રમાણિકરણ 18 ડિસેમ્બર થી લાગુ

**અમદાવાદ, તા. 17**

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડના સૂચનાનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ ઓટીપી તે મોબાઇલ નંબર પર મોકલવામાં આવશે, જે મુસાફરે બુકિંગ સમયે આપ્યો હશે. ઓટીપી નું સફળ સત્યાપન થયા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે. આ ઓટીપી આધારિત તત્કાલ પ્રમાણિકરણ પ્રણાલી 18 ડિસેમ્બર, 2025 થી નીચેની ટ્રેનોમાં લાગુ કરવામાં આવશે: 1. ટ્રેન નં. 19223 સાબરમતી-જમ્મુ તાવી એક્સપ્રેસ, 2. ટ્રેન નં. 19316/19315 અસારવા-ઈન્દોર વીરભૂમિ એક્સપ્રેસ 3. ટ્રેન નં. 19489 અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ, નીચેની ટ્રેનોમાં 5 ડિસેમ્બર 2025 થી OTP-આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમ શરૂ છે. 1. ટ્રેન સંખ્યા 12957 સાબરમતી - નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ, 2. ટ્રેન સંખ્યા 12297 અમદાવાદ-પુણે દૂરંતો એક્સપ્રેસ, 3. ટ્રેન સંખ્યા 12462 સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ, 4. ટ્રેન સંખ્યા 12268/12267 હાપા-મુંબઈ સેન્ટ્રલ દૂરંતો એક્સપ્રેસ, 5. ટ્રેન સંખ્યા 12009/12010 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી (01.12.2025 થી લાગુ ) નવી પ્રણાલી કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટરો, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઈટ તેમજ આઈઆરસીટીસી મોબાઇલ એપ્લિકેશન મારફતે કરવામાં આવેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ પડશે. મુસાફરોને વિનંતી છે કે તેઓ બુકિંગ સમયે માન્ય મોબાઈલ નંબર અવશ્ય ઉપલબ્ધ કરાવે, જેથી ઓટીપી સત્યાપન પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે. પશ્ચિમ રેલ્વે દ્વારા તમામ મુસાફરોને આ મહત્વપૂર્ણ બદલાવ અંગે ધ્યાન આપવા વિનંતી કરવામાં આવે છે.

# સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સિટી ઈન્વેસ્ટમેન્ટ્સ ટુ ઈનોવેટ - ઈન્ટીગ્રેટ અને સસ્ટેઇન કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે કુલ ₹૨૮૦૦ કરોડની રકમના ચેક વિતરણનો ગૌરવશાળી સમારોહ અમદાવાદમાં યોજાયો

**અમદાવાદ, તા. 17**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સિટી ઈન્વેસ્ટમેન્ટ્સ ટુ ઈનોવેટ, ઈન્ટીગ્રેટ અને સસ્ટેઈન કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા આપણા નગરો-મહાનગરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં લીડ લીધી છે. એટલું જ નહિ, સર્ક્યુલર ઈકોનોમીને વેગ આપવા ચાર 'R' રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર પર ફોકસ કર્યું છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં જ્યારે અર્બનાઈઝેશનને પડકાર ગણવામાં આવતો હતો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 2005માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. આપણી વિરાસતને અનુરૂપ અર્બન ડેવલોપમેન્ટ મોડલ વિકસાવવા માટેની મૂળભૂત માળખાકીય સુવિધા નિર્માણનો મજબૂત પાયો તેમણે નાખ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જો વિઝનરી લિડરશીપ હોય અને વિકાસ માટેના કમિટમેન્ટ સાથે નાણાંની કોઈ કમી ના હોય તો કેટલી સ્પીડથી અર્બન ડેવલપમેન્ટ કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ શહેરી વિકાસ વર્ષથી પૂરું પાડ્યું છે. શહેરી વિકાસ વર્ષ 2005ની બે દાયકાની એ સફળતાને પગલે મોર્ડન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા રાજ્ય સરકારે સર્વ સ્પર્શી, સર્વ પોષક અને સર્વ સમાવેશી નગરોના વિકાસની નેમ પાર પાડવા 2025ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે એમ તેમણે કહ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ 2025ના ઉપલક્ષ્યમાં અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને એક સાથે એક જ મંચ પરથી કુલ 2800 કરોડ રૂપિયાની રકમના ચેકો વિવિધ સર્વાંગી વિકાસ કામો માટે અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં આ ચેક અર્પણ અંતર્ગત રાજ્યની 8 મહાનગરપાલિકાઓને કુલ 2132 કરોડ રૂપિયા તથા નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. 40 કરોડ મુજબ કુલ 360 કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપી હતી. આ ઉપરાંત રાજ્યની 152 નગરપાલિકાઓને કુલ 308 કરોડ રૂપિયા મળીને સમગ્રતયા 2800 કરોડ રૂપિયા વિકાસ કાર્યો માટે આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાઓને વિકાસ કામોના આયોજનમાં નાણાંની કોઈ તંગી ન રહે તેવું જે ફાયનાન્સિયલ મેનેજમેન્ટ સરકારે કર્યુ છે તેની ભૂમિકા આપતાં જણાવ્યું કે, વધુને વધુ નાણાં લોકોના વિકાસ કામો માટે કેમ વાપરી શકાય તેની ક્ષમતા હવે નગરપાલિકાઓએ હવે વધારવાની છે. તેમણે વિકાસના કામોમાં ગુણવત્તાને અને સ્વચ્છતાને પ્રાયોરિટી આપવાનું પ્રેરક સૂચન કરતાં ઉમેર્યુ કે, સ્વચ્છતા એ સૌનો સહજ સ્વભાવ બની ગયો છે ત્યારે એ માટેના વધુ ઈનિસ્યેટિવ લેવાનું દાયિત્વ નગરપાલિકા-મહાનગરપાલિકાઓએ નિભાવવાનું છે. આપણા ૬ શહેરોએ સ્વચ્છ સર્વેક્ષણમાં નોંધપાત્ર પ્રગતિથી રાષ્ટ્રીય સ્તરે સ્થાને મેળવ્યું છે તે લિગસી ને આગળ વધારવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં બધા જ શહેરોને લિડ લેવાનો અને વોર્ડ દીઠ કચરાનું 100 ટકા સેગ્રીગેશન કરવાનો તથા નગરપાલિકાઓમાં વીજ બિલની બચત માટે ગ્રીન ક્લિન સોલાર એનર્જીનો ઉપયોગ વધારવાનો શ્રી ભૂપેન્દ્ર પટેલે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ 2047ના વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો રોડમેપ "અર્નિંગ વેલ અને લિવિંગ વેલ"ના સંકલ્પ સાથે તૈયાર કરવામાં આવ્યો છે તેમ જણાવતા કહ્યું કે, 2047ના વિકસિત ભારત પહેલાં 2035માં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષ ઉજવાય ત્યાં સુધીમાં આપણા શહેરોને દેશમાં ઉતકૃષ્ઠ સુવિધાયુક્ત શહેરો બનાવવાની તક છે. તેમણે સિટિઝન સેન્ટ્રીક ઈ-સર્વીસીસ અને મોબાઈલ ગવર્નન્સનો વ્યાપ વધારીને બધા જ શહેરોમાં ટેક્ષ કલેક્શન, વીજ બિલ સહિતના બિલોના પેમેન્ટ માટે યુ.પી. આઈ.ના ઉપયોગને વેગ મળે તે જોવાનો પણ અનુરોધ મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓને કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે શહેરી વિકાસ માટે એક જ સ્થળેથી રાજ્યભરની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ચેક અર્પણ કરવાના આ કાર્યક્રમ બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું કે મુખ્યમંત્રીશ્રી પ્રજાની સમસ્યાઓ અને તકલીફોના સમાધાન માટે સતત પ્રયાસરત રહે છે. તેમણે કહ્યું કે મહેસૂલ અને શહેરી વિકાસ ક્ષેત્રે સમસ્યાઓનાં ઉકેલ શોધવા મુખ્યમંત્રીશ્રીએ સતત પ્રયાસરત રહીને જન સુખાકારીના અનેકવિધ કાર્યો પૂર્ણ કરાવ્યા છે. એમના જ કાર્યકાળમાં આજે અનેક શહેરો એ દેશમાં સ્વચ્છતામાં આગળ આવીને મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવ્યું છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ત્રણ દાયકા પહેલાંની સરકારોના સમયમાં નાગરિકોએ માળખાગત સુવિધાઓના અભાવે સતત તકલીફોમાં જીવવું પડતું હતું. પરંતુ, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે શાસનધૂરા સંભાળ્યા બાદ ગુજરાતનાં શહેરો અને જિલ્લાઓ સતત વિકાસપથ પર તેજ ગતિથી આગળ વધ્યાં છે અને આજે સમગ્ર દેશ વિકાસની આ તેજ ગતિ જોઈ રહ્યો છે. તેમણે ઉચ્ચકક્ષાની માળખાગત સુવિધાઓ સાથે નગરોના સતત વિકાસ વિશે વાત કરતાં કહ્યું કે રાજ્યની ૯ નગરપાલિકાઓ આજે મહાનગરપાલિકાઓ બની છે. ધોલેરા અને ગિફ્ટ સિટીનું ઉદાહરણ આપી, સ્માર્ટ સિટી ડેવલપમેન્ટના વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી. સ્વચ્છતા સહિત અન્ય ક્ષેત્રોમાં અને નાગરિક સુવિધાઓ માટે ઉપસ્થિત સૌને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા એકસાથે આગળ વધવા અનુરોધ કર્યો હતો. શહેરી વિકાસમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતના વિકાસ માટે અનેકવિધ આયામો અને યોજનાઓ અમલી બનાવી હતી. જ્યોતિગ્રામ યોજના, શાળા પ્રવેશોત્સવ, વાઈબ્રન્ટ ગુજરાત સહિતની યોજનાઓ અને અભિયાનો ઉપરાંત આદિજાતિ વિકાસ માટે અલાયદું બજેટ તથા ૨૦૦૫માં મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજનાનો પાયો શ્રી નરેન્દ્રભાઈએ નાખ્યો હતો. એ જ દિશામાં આગળ વધતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગનું બજેટ ૨૨,૦૦૦ કરોડથી વધારીને ૩૦,૦૦૦ કરોડ કર્યું છે. શહેરોમાં રોડ રસ્તા, સેનિટેશન, ડ્રેનેજ,

# IPLમાં ગુજરાતના આ ધુરંધરો ધૂમ મચાવશે : જાડેજા 2009 પછી પાછો રાજસ્થાન તરફથી રમશે

## હૈદરાબાદ માટે ગુજ્જુઓની ત્રિપુટી પોતાનો જલવો દેખાડશે

**મુંબઈ તા. 17**

IPL 2026નું મિની ઓક્શન સમાપ્ત થયું. 10 ટીમે કુલ 77 પ્લેયર્સ પર 215.45 કરોડ રૂપિયા ખર્ચ્યા. આમાં 29 વિદેશી અને 48 ભારતીય ખેલાડીઓ સામેલ રહ્યા. આ ઓક્શનમાં યંગ ઈન્ડિયન પ્લેયર્સ માટે જોરદાર રહ્યું. તેમના પર લાખો-કરોડોની ધનવર્ષા થઈ. પણ ગુજરાતના ત્રણેય એસોસિયેશનથી મળીને માત્ર 2 ખેલાડીઓ સિલેક્ટ થયા. જેમાં GCAનો રવિ બિશ્નોઈ અને SCAનો ક્રેઈન્સ ફુલેત્રા સામેલ છે. બિશ્નોઈને RRએ અને ફુલેત્રાને SRHએ ખરીદ્યો. આજે આપણે અહીં મૂળ ગુજરાતી અથવા ગુજરાતમાં જન્મેલા કુલ 8 ખેલાડીઓ વિશે જાણીશું કે જેઓ IPL 2026માં ધૂમ મચાવી શકે છે. આમાં દિગ્ગજોથી લઈને પહેલી અથવા બીજીવાર રમતા પ્લેયર્સનું અત્યાર સુધીનું પરફોર્મન્સ અને તેમની પાસેથી શું અપેક્ષા રહેશે, તે પણ જાણીશું... ચાલો શરૂઆત કરીએ આપણા સ્ટાર પ્લેયર રવીન્દ્ર જાડેજાથી...

1. રવીન્દ્ર જાડેજા (રાજસ્થાન રોયલ્સ)

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા આ વખતે યલો નહીં પરંતુ પિંક જર્સીમાં જોવા મળશે. તે 2009 પછી પાછો રાજસ્થાન પરત ફર્યો છે. 13 વર્ષ CSK તરફથી રમેલા જડ્ડુને આ વખતે સંજુ સેમસનના બદલે 14 કરોડમાં RR સાથે ટ્રેડ કર્યો છે. તેના પરફોર્મન્સની વાત કરીએ તો બાપુની બેટિંગની ધાર હજુ પણ એવી જ છે. બેટિંગમાં જાડેજાનું પ્રદર્શન સુધરતું જાય છે. તેણે અત્યાર સુધીમાં 254 મેચમાં 130.29ની સ્ટ્રાઈક રેટથી 3260 રન બનાવ્યા છે. જેમાં પાંચ ફિફ્ટી સામેલ છે. ઉપરાંત બોલિંગમાં 7.67ની ઈકોનોમીથી 170 વિકેટ ખેરવી છે. તે IPLમાં 3 હજાર રન બનાવનાર અને 150+ વિકેટ લેનાર પહેલો ઓલરાઉન્ડર છે. 37 વર્ષીય રવીન્દ્ર જાડેજાની નજર ફરી એકવાર રાજસ્થાનને ટાઈટલ જિતાડવા પર રહેશે.




2. હાર્દિક પંડ્યા (મુંબઈ ઈન્ડિયન્સ)

ભારતનો વધુ એક સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા મુંબઈનો છેલ્લા બે વર્ષથી કેપ્ટન છે. તે 2024 IPL પહેલાં ગુજરાત ટાઈટન્સમાંથી મુંબઈમાં કેશ ડીલ પર ટ્રેડ થયો હતો. 2022માં ગુજરાતને તેની પહેલી જ IPLમાં ચેમ્પિયન બનાવનાર હાર્દિક પર આ વખતે મુંબઈને છઠ્ઠું ટાઈટલ જિતાડવાની મોટી જવાબદારી રહેશે. મુંબઈએ રોહિતને કેટન પદેથી હટાવ્યા પછી હાર્દિકને કેપ્ટનશિપ સોંપી. રોહિતે MIને પાંચ ટ્રોફી જિતાડી હતી. હાર્દિકની હાર્ડ હિટિંગ તો બધાને ખ્યાલ જ છે. તેણે 152 મેચમાં 142.92ની સ્ટ્રાઈક રેટથી 2749 રન બનાવ્યા છે. બોલિંગમાં તે 9.18ની ઈકોનોમી રેટ સાથે 78 વિકેટ ઝડપી છે.

3. અક્ષર પટેલ (અક્ષર પટેલ)

નડિયાદનો અક્ષર હાલમાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ધૂમ મચાવી રહ્યો છે. દિલ્હી કેપિટલ્સને તેને 2025ની IPLમાં મોટી જવાબદારી સોંપી હતી. તેને કેપ્ટન બનાવ્યો હતો. અક્ષરે અત્યાર સુધીમાં 162 મેચમાં બેટિંગમાં 1916 રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ 133.98 રહ્યો છે. તો બોલિંગમાં તેણે 7.34ની ઈકોનોમી સાથે 128 વિકેટ લીધી છે. ત્યારે હવે અક્ષર પર ત્રણ મોટી જવાબદારી રહેશે. પહેલી બે તો તેણે બોલિંગ અને બેટિંગમાં પ્રદર્શન કરવાનું અને ત્રીજું તેની આગેવાનીમાં દિલ્હીને પહેલીવાર IPLનો ખિતાબ જિતાડવો.

4. જસપ્રીત બુમરાહ (મુંબઈ ઈન્ડિયન્સ)

બુમ...બુમ...બુમરાહ...આ નામથી આજે શેરી-શેરીના બાળકો જાણે છે. અરે, ગલી ક્રિકેટમાં તો તેની એક્શનથી બોલિંગ કરવાની ટ્રાય કરે છે. જસપ્રીત બુમરાહે MI તરફથી 2013માં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તે આ ટીમનો અભિન્ન અંગ બનીને રમી રહ્યો છે. બુમરાહ મુંબઈના જ જૂના ખેલાડી અને તેના સાથી બોલર મલિંગાની હાથ નીચે તૈયાર થયો છે. તેના યોર્કર સામે તો ભલભલા મોટા બેટર્સ થાપ ખાઈ જાય છે. જસપ્રીત બુમરાહે MI તરફથી રમતા 7.24ની ઈકોનોમી રેટથી 183 વિકેટ ઝડપી છે. જેમાં તેની બેસ્ટ બોલિંગ ફીગર 5/10 રહી છે.

## IPL ઓક્શનના ટૉપ-5 સરપ્રાઈઝ : અનકેપ્ડ ઈન્ડિયન પ્રશાંત-કાર્તિક 14-14 કરોડમાં વેચાયા

**મુંબઈ તા. 17**

26 માર્ચથી શરૂ થનારા IPL 2026 માટે મંગળવારે અબુ ધાબીમાં મિની ઓક્શન યોજાયું. 10 ટીમે કુલ 156 ખેલાડીઓ પર બોલી લગાવી, જેમાં 215.45 કરોડ રૂપિયા ખર્ચીને 77 ખેલાડીઓને ખરીદવામાં આવ્યા. ઓક્શનમાં ઘણા મોટા નામો પર પૈસા લાગ્યા, પરંતુ આ વખતે સૌથી વધુ ચોંકાવનારી ડીલ એવા ખેલાડીઓના રહ્યા, જેમની પાસેથી આટલી મોટી રકમની અપેક્ષા નહોતી. 20 વર્ષના પ્રશાંત વીર, 19 વર્ષના કાર્તિક શર્મા અને 29 વર્ષના આકિબ નબી ડાર જેવા ભારતીય ખેલાડીઓ આ ઓક્શનના મોટા સરપ્રાઈઝ સાબિત થયા.




## જાણો તમારી ફેવરિટ IPL ટીમ ઓક્શનમાં કેવી બની!




**મુંબઈ તા. 17**

IPLની 19મી સીઝન માટે મિની ઓક્શન UAEના અબુ ધાબી શહેરમાં યોજાયું. 7 કલાક ચાલેલા ઓક્શનમાં 77 ખેલાડીઓ વેચાયા, જેમાં 29 વિદેશી અને બાકીના ભારતના હતા. ખેલાડીઓ પર 215.45 કરોડ રૂપિયા ખર્ચ થયા. કોલકાતાએ માત્ર 2 ખેલાડીઓ પર 43.20 કરોડ રૂપિયા ખર્ચ કર્યા, જ્યારે ચેન્નઈએ 28.40 કરોડ રૂપિયામાં 2 અનકેપ્ડ બેટર્સ ખરીદ્યા.

43.40 કરોડ રૂપિયાનું પર્સ લઈને ઓક્શનમાં ઉતરેલી CSKએ કેમરૂન ગ્રીન માટે બિડિંગ વોર કરી, પરંતુ KKRએ બાજી મારી લીધી. ટીમે પછી અનકેપ્ડ ભારતીય ખેલાડીઓ પર પૈસા ખર્ચ્યા. CSKએ 28.40 કરોડ રૂપિયાની કિંમતમાં રાજસ્થાનના વિકેટકીપર કાર્તિક શર્મા અને ઉત્તર પ્રદેશના ઓલરાઉન્ડર પ્રશાંત વીરને ખરીદ્યા.

રીટેન પ્લેયર: એમએસ ધોની (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), ડેવાલ્ડ બ્રેવિસ, આયુષ મ્હાત્રે, ઉર્વિલ પટેલ (વિકેટકીપર), અંશુલ કંબોજ, જેમી ઓવરટન, રામકૃષ્ણ ઘોષ, શિવમ દુબે, ખલીલ અહેમદ, નૂર અહેમદ, મુકેશ ચૌધરી, નાથન એલિસ, શ્રેયસ ગોપાલ, ગુરજપનીત સિંહ.

નવા ખેલાડી: પ્રશાંત વીર (14.20 કરોડ), કાર્તિક શર્મા (14.20 કરોડ), રાહુલ ચહર (5.20 કરોડ), મેટ હેનરી (2 કરોડ), અકીલ હુસૈન (2 કરોડ), મેથ્યુ શોર્ટ (1.50 કરોડ), સરફરાઝ ખાન (75 લાખ), ઝેકરી ફોલ્ક્સ (75 લાખ), અમન ખાન (30 લાખ).

21.80 કરોડ રૂપિયાનું પર્સ લઈને ઉતરેલી દિલ્હીએ ડેવિડ મિલરને 2 કરોડની અત્યંત ઓછી કિંમતમાં ખરીદી લીધો. ટીમમાં ફિનિશર્સની પણ અછત હતી,

- **શ્રીલંકા વેકેશનનાં અનસીન, બ્રાઈડ, બીચ અને બેચલરેટ પાર્ટી!, લગ્નની ચર્ચાઓ વચ્ચે મસ્તી**



## રશ્મિકાની ગર્લ્સ ગેંગ સાથે મોજ મસ્તી

**મુંબઈ તા. 17**

'થામા' એક્ટ્રેસ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા અવારનવાર રિલેશનશિપના કારણે ચર્ચામાં રહે છે. એટલું જ નહીં મહિના પહેલાં બંનેના લગ્નની તારીખ પણ વાઈરલ થઈ હતી. અહેવાલો મુજબ 'ગીતા ગોવિંદા' કપલ ફેબ્રુઆરી 2026માં ઉદયપુરમાં લગ્ન કરવાના છે. એવામાં, રશ્મિકા મંદાનાએ તેના વ્યસ્ત શેડ્યૂલમાંથી સમય કાઢીને ગર્લ ગેંગ સાથે શ્રીલંકાની ટ્રીપ માણી. સોશિયલ મીડિયા પર તસવીરો આવતાની સાથે યુઝર્સ એક્ટ્રેસની બેચલરેટ પાર્ટી માની રહ્યા છે. ગર્લ્સ ટ્રિપની તસવીરોમાં જોવા મળી મસ્તી રશ્મિકાએ બીચ, સુંદર સાઈટ સીન, ખાણી-પીણી અને ગર્લ ગેંગ સાથેની મસ્તીની ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં ચહેરા પર ખુશીની ઝલક છલકાય રહી છે. ફોટ્સની સાથે રશ્મિકાએ કેપ્શનમાં લખ્યું- મને તાજેતરમાં 2 દિવસની રજા મળી અને મેં મારી ગેંગ સાથે ફરવાની તક ઝડપી.અમે શ્રીલંકામાં એક ખૂબ જ સુંદર જગ્યાએ ગયા. ગર્લ્સ ટ્રિપ - ભલે ગમે તેટલી નાની હોય, તે શ્રેષ્ઠ હોય છે!! એટલું જ નહીં, જ્યારે જગપતિ બાબુએ રશ્મિકાને પૂછ્યું કે, શું તેણે પહેરેલી વીંટીઓ સાથે કોઈ લાગણીઓ જોડાયેલી છે? ત્યારે રશ્મિકાએ જવાબ આપ્યો, ' આ બધી ખૂબ જ મહત્વપૂર્ણ વીંટીઓ છે.' જગપતિ બાબુએ પછી ઉમેર્યું, ' પરંતુ મને ખાતરી છે કે આમાંથી એક વીંટી તમારી મનપસંદ છે અને તેનો પોતાનો ઈતિહાસ છે.' જોકે, વાતચીત દરમિયાન એક્ટ્રેસ હસતી જોવા મળી. તેણે કંઈ કહ્યું નહીં.

## ફિલ્મોમાં પણ ભારતની વાદે ચડ્યું પાકિસ્તાન:'ધુરંધર'ના જવાબમાં 'મેરા લ્યારી',



**મુંબઈ, તા. 17**

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ની જેટલી ચર્ચા ભારતમાં થઈ રહી છે, તેના કરતાં ક્યાંય વધારે પાકિસ્તાનમાં. ફિલ્મમાં પાકિસ્તાનના કરાચીના લ્યારી વિસ્તાર અને 1999-2009 સુધી થયેલા ત્યાંના ગેંગવોરને દર્શાવવામાં આવ્યો છે.લ્યારી અને ત્યાંના ગેંગવોરને દર્શાવવાના કારણે પડોશી દેશ પાકિસ્તાને 'ધુરંધર'ને પ્રોપેગેન્ડા ગણાવી દીધો છે. સાથે જ તેમણે 'મેરા લ્યારી' નામની ફિલ્મની જાહેરાત કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'ધુરંધર'માં લ્યારીને દર્શાવવાથી સિંધના અધિકારીઓમાં એટલી નારાજગી છે કે સિંધ સૂચના વિભાગે પોતાની ફિલ્મ 'મેરા લ્યારી'ની ઘોષણા કરી છે. તેમનો દાવો છે કે, આ ફિલ્મ દ્વારા વિસ્તારની સાચી કહાણી દર્શાવવામાં આવશે. સિંધ ઈન્ફોર્મેશન ડિપાર્ટમેન્ટના સત્તાવાર હેન્ડલ પરથી 'મેરા લ્યારી'ના બે પોસ્ટર શેર કરતા લખવામાં આવ્યું કે, 'ખોટા નિવેદનોથી સત્યને ભૂંસી શકાય નહીં. લ્યારી સંસ્કૃતિ, શાંતિ અને દ્રઢતાનું પ્રતીક છે, હિંસાનું નહીં.'



## ₹60 કરોડની છેતરપિંડીના કેસમાં રાજ-શિલ્પાએ મૌન તોડ્યું

### દંપતીએ કહ્યું, 'અમારા પરના આરોપો પાયાવિહોણા, કાનૂની આધાર વિના ગુનાહિત રંગ અપાયો'

**મુંબઈ તા. 17**

60 કરોડ રૂપિયાની કથિત છેતરપિંડીના કેસ વચ્ચે બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રાએ નિવેદન બહાર પાડ્યું છે. તેમણે પોતાના પર લાગેલા આરોપોને પાયાવિહોણા અને દ્વેષપૂર્ણ ગણાવ્યા છે. રાજ કુંદ્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોતાના નિવેદનમાં કહ્યું, 'અમે અમારી વિરુદ્ધ ફેલાવવામાં આવી રહેલા પાયાવિહોણા અને દ્વેષપૂર્ણ આરોપોને સંપૂર્ણપણે નકારીએ છીએ. જે વાતો ઉઠાવવામાં આવી રહી છે, તેને કોઈ કાનૂની આધાર વગર ગુનાહિત રંગ આપવામાં આવી રહ્યો છે. હાઈકોર્ટમાં ક્વેશિંગ પિટિશન દાખલ કરવામાં આવી છે અને તેના પર સુનાવણી બાકી છે.' નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, તેણે તપાસમાં સંપૂર્ણ સહયોગ આપ્યો છે અને તેને વિશ્વાસ છે કે ન્યાય થશે. સાથે જ તેણે મીડિયાને અપીલ કરી કે, મામલો કોર્ટમાં પેન્ડિંગ છે, તેથી સંયમ રાખવામાં આવે.નોંધનીય છે કે, આ કેસમાં 15 સપ્ટેમ્બર 2025ના રોજ રાજ કુન્દ્રા આર્થિક અપરાધ શાખા (EOW) સમક્ષ હાજર થયો હતો. જ્યાં તેની લગભગ પાંચ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. જ્યારે, ઓક્ટોબર 2025માં શિલ્પા શેટ્ટીની ચાર કલાકથી વધુ પૂછપરછ કરવામાં આવી હતી. સાથે જ કપલ વિરુદ્ધ વિદેશ યાત્રા રોકવા માટે લુક આઉટ સર્ક્યુલર (LOC) પણ જારી કરવામાં આવ્યું હતું. બોમ્બે હાઈકોર્ટે LOC પર રોક લગાવવા માટે 60 કરોડ રૂપિયા જમા કરવા અથવા બેંક ગેરંટી આપવાનો નિર્દેશ આપ્યો હતો. ઓગસ્ટ 2025માં મુંબઈના એક બિઝનેસમેન દીપક કોઠારીએ શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા પર 60 કરોડ રૂપિયાની છેતરપિંડીના આરોપમાં ફરિયાદ નોંધાવી હતી. દીપક કોઠારીના જણાવ્યા અનુસાર, તેમની મુલાકાત 2015માં એજન્ટ રાજેશ આર્ય દ્વારા શિલ્પા અને રાજ કુંદ્રા સાથે થઈ હતી. તે સમયે બંને બેસ્ટ ડીલ ટીવીના ડિરેક્ટર હતાં અને શિલ્પા પાસે કંપનીના 87%થી વધુ શેર હતાં. ફરિયાદ મુજબ, એક મીટિંગમાં નક્કી થયું કે, દીપક શિલ્પા અને રાજ કુંદ્રાની કંપનીને લોન આપશે. કંપની માટે 75 કરોડ રૂપિયાની લોન માંગવામાં આવી હતી, જેના પર 12% વાર્ષિક વ્યાજ નક્કી થયું હતું. આ મામલે દીપક કોઠારીનો આરોપ છે કે, બાદમાં શિલ્પા અને કુંદ્રાએ તેમને કહ્યું કે લોન પર ટેક્સની સમસ્યા આવી શકે છે, તેથી તેને રોકાણ તરીકે બતાવીએ અને દર મહિને રિટર્ન આપીશું. એપ્રિલ 2015માં કોઠારીએ લગભગ 31.95 કરોડ રૂપિયાની પહેલી ચુકવણી કરી. ટેક્સ સંબંધિત સમસ્યાઓ ચાલુ રહેતા સપ્ટેમ્બરમાં બીજી ડીલ થઈ અને જુલાઈ 2015થી માર્ચ 2016ની વચ્ચે તેમણે 28.54 કરોડ રૂપિયા વધુ ટ્રાન્સફર કર્યા. કુલ મળીને તેમણે 60.48 કરોડ રૂપિયા આપ્યા, સાથે જ 3.19 લાખ રૂપિયા સ્ટેમ્પ ડ્યુટી તરીકે ચૂકવ્યા. કોઠારીનો દાવો છે કે, એપ્રિલ 2016માં શિલ્પાએ તેમને પર્સનલ ગેરંટી પણ આપી હતી, પરંતુ તે જ વર્ષે સપ્ટેમ્બરમાં તેમણે કંપનીના ડિરેક્ટર પદ પરથી રાજીનામું આપી દીધું.

# RBIને ડોલર-રૂપિયામાં સટ્ટાબાજીની આશંકા : કડક પ્રતિબંધો લદાશે

## તાજેતરમાં જ રૂપિયાની વેલ્યુમાં યુએસ ડોલર સામે અંદાજે 2.5 ટકાનું અવમૂલ્યન




અમદાવાદ, તા.17

ભારતીય રૂપિયામાં છેલ્લા એક-દોઢ મહિનાથી સતત ઘસારો જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ રૂપિયાની વેલ્યુમાં યુએસ ડોલર સામે અંદાજે ૨.૫ ટકાનું અવમૂલ્યન જોવા મળ્યું છે. એશિયન બજારો અને એશિયન કરન્સીના વધારા-ઘટાડાને અવગણીને રૂપિયામાં એકતરફી ઘટાડો અને રોજબરોજ નવા ઐતિહાસિક તળિયા જોવા મળી રહ્યાં છે. ડિસેમ્બર મહિનાના આ ૧૫ દિવસમાંજ ૯૦ની સપાટી કુદાવ્યા બાદ આજે ૯૧ રૂપિયા પ્રતિ યુએસ ડોલરના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચ્યા બાદ હવે બેંકિંગ વર્તુળોમાં મજબૂત ચર્ચા ચાલી રહી છે કે કેન્દ્રીય બેંક આરબીઆઈ તરફથી વધુ કડક પગલાં લેવામાં આવી શકે છે.

ડોલર પ્રવાહના અસંતુલન, યુએસ-ભારત વેપાર સોદાના અભાવ અને રોકાણકારોની સાવચેતીને કારણે આ નબળાઈ વધુ વધી ગઈ છે. આયાતકારો પહેલેથી જ તેમની પોઝીશનનું હેજિંગ કરી રહ્યા છે અને વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાં સાવચેતીભર્યું વલણ દાખવી રહ્યાં છે તે કારણે ચલણ પર સતત દબાણ આવી રહ્યું છે.

એશિયન ચલણોના દૈનિક વધઘટથી રૂપિયો હવે ઓછો પ્રભાવિત થયો છે. ફ્લોટેશન સિસ્ટમનું વર્ચસ્વ વધ્યું છે, જેના કારણે રૂપિયાની ઘટાડાની ગતિ વધી રહી છે. આ કારણે જ રૂપિયામાં વધુ અવમૂલ્યનની અટકળો અને સટ્ટાબાજીની શક્યતાઓ વધી છે. છેલ્લા એક મહિનામાં થાઈ બહાત ૩ ટકાથી વધુ મજબૂત થયો છે, જ્યારે ચાઈનીઝ યુઆન, મલેશિયન રિંગિટ અને સિંગાપોર ડોલરમાં ઓછામાં ઓછો ૧ ટકાનો વધારો નોંધાયો છે તો સામે પક્ષે ભારતીય ચલણમાં એકતરફી મંદી સરકાર, આરબીઆઈ, આયાતકારો-નિકાસકારો અને અર્થશાસ્ત્રીઓ-નીતિનિર્માતાઓની ચિંતા વધારી રહી છે.

એકતરફ ભારતનું મજબૂત થતું અર્થતંત્ર, મોંઘવારી અને વ્યાજદરના સકારાત્મક આંકડા છતા ભારતીય રૂપિયામાં ઘસારાનો એકતરફી દોર, એશિયન માર્કેટોથી વિપરીત ચાલ શંકા ઉપજાવે છે કે રૂપિયામાં મોટાપાયે સટ્ટાબાજી થઈ રહી છે. રૂપિયામાં આશંકિત આ ખેલનો અગાઉ પણ આરબીઆઈએ તાજેતરમાં બે વખત પર્દાફાશ કર્યો હતો. આ વર્ષે અગાઉ પણ રૂપિયાની નબળાઈના સમાન સમયગાળા દરમિયાન એશિયન સંકેતોથી વિપરીત ચલણ નબળું પડયું અને સટોડિયાઓએ શોર્ટ પોઝીશન બનાવવાનું શરૂ કર્યું હતુ. આરબીઆઈના ધ્યાને આ બાબત ચઢતા હસ્તક્ષેપ કર્યો હતો. ઉદાહરણ તરીકે ગત મહિને બે વાર આરબીઆઈએ ઘટાડાને રોકવા માટે સ્પોટ અને નોન-ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટ ઉપર આકર પગલા ભર્યા હતા.

ઓક્ટોબર અને ફેબ્રુઆરીની શરૂઆતમાં પણ આવી જ કાર્યવાહી કરવામાં આવી હતી. બેંક અધિકારીઓના મતે, ''આ સામાન્ય હસ્તક્ષેપ નહોતા. આરબીઆઈએ મોટા પાયે હસ્તક્ષેપ કર્યો અને ઘટાડાને તોડી નાખ્યો, વ્યૂહરચના તોડી હતી અને બજારમાં બે તરફી ટ્રેડિંગ ફરી શરૂ કરાવ્યું હતુ. હવે ફરીથી આવી જ પરિસ્થિતિ વિકસી રહી છે. રૂપિયો સતત ઘટી રહ્યો છે, તેથી બેંકિંગ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે કે આરબીઆઈ ફરીથી આવી જ કડક કાર્યવાહી કરી શકે છે. જાહેર ક્ષેત્રની બેંકના સુત્રો એ એમ પણ કહ્યું કે બજારમાં આગામી સમયમાં વધુ ઘટાડાની અપેક્ષા છે તેથી આરબીઆઈ દ્વારા ભારે હસ્તક્ષેપની શક્યતા વધી ગઈ છે.

# સેન્સેક્સ 120 પોઈન્ટ ઘટીને 84,560 પર બંધ : નિફ્ટી પણ 50 પોઈન્ટ ગગડ્યો; મીડિયા, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઘટ્યા



મુંબઈ, તા.17

17 ડિસેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 120 પોઈન્ટ ઘટીને 84,560 પર બંધ થયો. નિફ્ટી પણ 42 પોઈન્ટ ઘટીને 25,819 પર બંધ થયો. મીડિયા, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં આજે ઘટાડો થયો હતો. PSU બેંકો લગભગ 1.5% વધ્યા હતા.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.81% વધીને 4,031 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.19% વધીને 49,477 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.22% વધીને 25,291 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.17% વધીને 3,831 પર કારોબાર કરી રહ્યો છે. 16 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.62% નીચે 48,114 પર બંધ થયો. જ્યારે, નેસ્ડેક કમ્પોઝિટ 0.23% ઉપર અને S&P 500 0.24% ઘટીને બંધ થયો.

KSH ઈન્ટરનેશનલનો IPO આજથી ઓપન KSH ઈન્ટરનેશનલ લિમિટેડનો IPO ગઈકાલે એટલે કે 16 ડિસેમ્બરથી ઓપન થઈ ગયો છે. તેમાં 18 ડિસેમ્બર સુધી રોકાણ કરી શકાશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 710 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. IPOમાં 420 કરોડ રૂપિયાના ફ્રેશ શેર જારી કરવામાં આવશે. જ્યારે પ્રમોટર્સ 290 કરોડ રૂપિયાના શેર (ઓફર-ફોર-સેલ) વેચશે.

16 ડિસેમ્બરે FII એ 2,060 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. જ્યારે DII એ 770 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે.

ડિસેમ્બરમાં 16 તારીખ સુધી FIIs એ કુલ 23,455 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 42,839 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

ગઈકાલે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આ પહેલા ગઈકાલે એટલે કે 17 ડિસેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 534 અંક ઘટીને 84,680 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 167 અંકનો ઘટાડો રહ્યો, તે 25,860 ના સ્તર પર આવી ગયો હતો. ઈન્ટરનેશનલનો IPO આજથી ઓપન KSH ઈન્ટરનેશનલ લિમિટેડનો IPO ગઈકાલે એટલે કે 16 ડિસેમ્બરથી ઓપન થઈ ગયો છે. તેમાં 18 ડિસેમ્બર સુધી રોકાણ કરી શકાશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 710 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. IPOમાં 420 કરોડ રૂપિયાના ફ્રેશ શેર જારી કરવામાં આવશે. જ્યારે પ્રમોટર્સ 290 કરોડ રૂપિયાના શેર (ઓફર-ફોર-સેલ) વેચશે.

# UPI દ્વારા એક દિવસમાં વધુમાં વધુ કેટલા રૂપિયા ટ્રાન્સફર કરી શકાશે?




નવી દિલ્હી, તા.17

ઘણાં લોકોને ઘણીવાર સવાલ થાય છે કે UPI દ્વારા એક દિવસમાં વધુને વધુ કેટલી રકમ ટ્રાન્સફર કરી શકાય છે? એની લિમિટ કેટલી છે? ભારત આજે ડિજિટલ તરફ પ્રયાણ કરી રહ્યું છે. UPI દ્વારા આજે મોટાભાગની લેણદેણ થાય છે. નાના દુકાનદારથી લઈને મોટી-મોટી કંપનીઓ હવે UPIનો ઉપયોગ કરે છે. લારીથી લઈને ઓફિસના કર્મચારીઓ હવે UPIનો ઉપયોગ કરે છે. બેન્ક 24/7 કામ નથી કરતી, પરંતુ UPI કરે છે. જોકે ઘણી વાર પેમેન્ટ ટ્રાન્સફર કરતી વખતે યુઝર્સને લિમિટનો મેસેજ આવતો હોય છે. એના કારણે ટ્રાન્ઝેક્શન પૂરું નથી થતું. UPIની લિમિટ NPCI દ્વારા નક્કી કરવામાં આવી છે. આથી વ્યક્તિ કેટલી રકમ ટ્રાન્સફર કરી શકે છે એ જાણવું જરૂરી છે.

UPI દ્વારા એક દિવસમાં વધુમાં વધુ એક લાખ રૂપિયા ટ્રાન્સફર કરી શકાય છે. આ મર્યાદા મોટાભાગની બેન્ક અને UPI એપ્લિકેશન પર લાગુ પડે છે. આ નિયમ વ્યક્તિથી વ્યક્તિ અને વ્યક્તિથી વેપારી સુધીની દરેક લેણદેણ પર લાગુ પડે છે.

કેટલીક બેન્ક દ્વારા ટ્રાન્ઝેક્શનની લિમિટ પહેલેથી સેટ કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિનું ખાતું સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં હોય અને એના દ્વારા ટ્રાન્સફર કરવામાં આવતાં હોય તો વ્યક્તિથી વ્યક્તિ 20 ટ્રાન્ઝેક્શન કરી શકાશે. જોકે વ્યક્તિથી વેપારી વચ્ચે કોઈ ટ્રાન્ઝેક્શન લિમિટ નથી રાખવામાં આવી.

UPI દ્વારા ટેક્સ ભરવા પર, IPOમાં એપ્લાય કરવા માટે, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રિટેલ ડાયરેક્ટ સ્કીમ આધારિત વેરિફાઈડ હોસ્પિટલ અથવા તો એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં પેમેન્ટ ટ્રાન્સફર કરવા માટે એક દિવસમાં એકથી પાંચ લાખ રૂપિયા સુધીની રકમ ટ્રાન્સફર કરી શકાય છે.

UPI લાઈટ દ્વારા જો ટ્રાન્સફર કરવામાં આવતાં હોય તો વધુમાં વધુ એક હજાર રૂપિયા સુધીનું ટ્રાન્ઝેક્શન કરી શકાશે. આ સાથે જ એક દિવસમાં વધુમાં વધુ 4 હજાર રૂપિયા વોલેટમાં ટ્રાન્સફર કરી શકાશે. આ સાથે જ વોલેટમાં વધુમાં વધુ 5 હજાર રૂપિયા રાખી શકાય છે.

# ચાંદી પહેલીવાર ₹2 લાખને પાર : ₹8,775 મોંઘી થઈ, આ વર્ષે કિંમત ₹1.15 લાખ વધી, 10 ગ્રામ સોનું ₹1.33 લાખનું થયું....



મુંબઈ, તા.17

17 ડિસેમ્બરે પહેલીવાર 2 લાખ રૂપિયા પ્રતિ કિલોને પાર નીકળી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર એક કિલો ચાંદીની કિંમત 8,775 રૂપિયા વધીને 2,00,750 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તે 1,91,977 રૂપિયા પર હતી. આ વર્ષે તેની કિંમત 1,14,733 રૂપિયા વધી ચૂકી છે.

જ્યારે, સોનું આજે 936 રૂપિયા વધીને 1,32,713 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. આ પહેલા તે 1,31,777 રૂપિયા પર હતું. જ્યારે સોનાએ 15 ડિસેમ્બરે 1,33,442 રૂપિયા પ્રતિ 10 ગ્રામનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો. જુદા જુદા શહેરોમાં દરો અલગ કેમ હોય છે? IBJA ના સોનાના ભાવોમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી. તેથી શહેરોના દરો તેનાથી અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના દર નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. ઔદ્યોગિક માગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર ઘરેણાં નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

ચાંદીમાં રોકાણ વધી રહ્યું છે: રોકાણકારો સિલ્વર ETF દ્વારા ચાંદીમાં રોકાણ કરી રહ્યા છે. આનાથી ચાંદીની માગ વધી રહી છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 56,551 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,32,713 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,14,733 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,00,750 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો - અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે કારણ કે ચાંદી ગરમીનું સારું વાહક છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલીમાં કોપર કે અન્ય ધાતુની ગંધ આવી શકે છે.

ક્લોથ ટેસ્ટ: સફેદ કપડાથી ઘસો - જો કાળો નિશાન આવે તો અસલી છે (ઓક્સિડેશનને કારણે). 2024માં 7,700 ટન ચાંદીનો વપરાશ ભારત દુનિયાનો સૌથી મોટો ચાંદી ખરીદનાર દેશ છે. 2024માં ભારતે કુલ લગભગ 7,700 ટન ચાંદીનો વપરાશ કર્યો. આ કુલ વપરાશમાંથી 10-20% ચાંદી જ ભારતમાં મળે છે. બાકીની લગભગ 80% ચાંદી બહારથી આયાત કરવામાં આવે છે.

દેશમાં ચાંદીનો સૌથી વધુ ઉપયોગ જ્વેલરીમાં થાય છે. ઔદ્યોગિક, ઈલેક્ટ્રોનિક્સ અને રોકાણ તરીકે પણ તેની માંગ રહે છે. સોલર પેનલ, બેટરી, મેડિકલ ઈક્વિપમેન્ટ, મોબાઈલ, કમ્પ્યુટર અને LED લાઈટ્સમાં ચાંદીનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત ઈલેક્ટ્રિકલ વાહનો બનાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે.

# કમૂરતા શરૂ થયા અને સોના-ચાંદીના ભાવ ઘટ્યા : સોનું ₹1,113 ઘટીને ₹1.32 લાખ પ્રતિ 10 ગ્રામ પર આવ્યું...



નવી દિલ્હી, તા.17

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 16 ડિસેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનું 1,113 રૂપિયા ઘટીને 1,32,136 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા સોનું 1,33,249 રૂપિયા પર હતું. જ્યારે 1 કિલો ચાંદીનો ભાવ 1,446 રૂપિયા ઘટીને 1,91,971 રૂપિયા પર આવી ગયો છે. આ પહેલા ચાંદી 1,93,417 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર હતી.

IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 55,974 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,32,136 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,05,954 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,91,971 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# આવી રહી છે ભારત ટેક્સી, ઓલા-ઉબરની ઉડી જશે ઉંઘ

## લોકોને સસ્તી મુસાફરી-ડ્રાઈવરોને વધુ કમાણી, 1 જાન્યુઆરીથી લોન્ચિંગ, ડ્રાઈવરના ખિસ્સામાં 80% પૈસા!




નવી દિલ્હી, તા.17

નવા વર્ષ એટલે કે 1 જાન્યુઆરી 2026થી ભારત ટેક્સી એપ લોન્ચ થઈ રહી છે. આ સરકારી સપોર્ટવાળી એપ છે, જે મુસાફરો અને ડ્રાઈવરો બંને માટે ફાયદાકારક રહેશે. એપમાં ઓટો-રિક્ષા, કાર અને બાઈકની સેવા ઉપલબ્ધ થશે. યુઝર્સ પોતાની જરૂરિયાત મુજબ વિકલ્પ પસંદ કરી શકશે.

ઓલા અને ઉબર જેવી એપ્સમાં પીક અવર્સમાં ભાડું અચાનક વધી જાય છે, જેનાથી મુસાફરો પરેશાન થાય છે. ભારત ટેક્સી એપમાં આવું નહીં થાય. ભાડું સ્થિર રાખવાનો પ્રયાસ કરવામાં આવશે. આ એપ સરકારી પહેલનો એક ભાગ છે, તેથી મુસાફરોને સસ્તી અને ભરોસાપાત્ર સેવા મળશે.

ડ્રાઈવરોને કુલ ભાડાનો 80%થી વધુ હિસ્સો મળશે. એટલે કે, ડ્રાઈવરોની કમાણી વધશે. હાલમાં મોટાભાગની પ્રાઈવેટ એપ્સમાં કમિશન વધુ કપાય છે, જેનાથી ડ્રાઈવરોની કમાણી ઓછી થઈ જાય છે. લોન્ચ પહેલા જ દિલ્હીમાં લગભગ 56,000 ડ્રાઈવરો રજીસ્ટર કરી ચૂક્યા છે.

બીજી એપ્સની જેમ ભારત ટેક્સી એપમાં પણ રીઅલ-ટાઈમ વાહન ટ્રેકિંગ મળશે. સુરક્ષા અને વિશ્વસનીયતા માટે પ્લેટફોર્મ ફક્ત વેરિફાઈડ ડ્રાઈવરોને જ ઓનબોર્ડ કરશે અને 24 કલાક ગ્રાહક સપોર્ટ આપશે. એપ ઘણી ભારતીય ભાષાઓને સપોર્ટ કરશે.

સર્જ પ્રાઈસિંગ નહીં હોય: ઓલા-ઉબરમાં પીક ટાઈમ કે વરસાદમાં ભાડું અચાનક 2-3 ગણું વધી જાય છે. ભારત ટેક્સીમાં ભાડું સ્થિર રાખવાનો પ્રયાસ કરવામાં આવશે, જેથી મુસાફરોને મોંઘું ન પડે.

ડ્રાઈવરોને વધુ કમાણી: ભારત ટેક્સીમાં ડ્રાઈવરોને કુલ ભાડાનો 80%થી વધુ હિસ્સો મળશે. ઓલા-ઉબરમાં કમિશન વધુ કપાય છે, જેનાથી ડ્રાઈવરોની નેટ કમાણી ઓછી રહે છે.

સરકારી સપોર્ટ અને ભરોસો: ભારત ટેક્સી સરકારી પહેલનો એક ભાગ છે, તેથી પારદર્શિતા અને નિયમન વધુ હશે. ઓલા-ઉબર સંપૂર્ણપણે પ્રાઈવેટ કંપનીઓ છે.

ભારત ટેક્સી પ્રથમ રાષ્ટ્રીય સહકારી રાઈડ હેલિંગ પ્લેટફોર્મ છે, જેને સહકાર મંત્રાલય અને રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ ડિવિઝન દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આમાં ડ્રાઈવરો પણ સહ-માલિક હશે. આ માટે સહકાર ટેક્સી કોઓપરેટિવ લિમિટેડ સાથે હાલમાં એમઓયુ થઈ ચૂક્યો છે.

આ એપ દિલ્હીથી શરૂ થઈ રહી છે, પરંતુ જલદી જ બીજા શહેરોમાં પણ આવી શકે છે. સરકારી સહયોગથી આ કેબ માર્કેટમાં નવો વિકલ્પ બનશે. મુસાફરોને સસ્તી મુસાફરી અને ડ્રાઈવરોને વધુ સારી કમાણી મળશે. પ્રાઈવેટ કંપનીઓની મનમાની ઓછી થશે.

# 1 જાન્યુઆરીથી CNG અને PNGના ભાવ ઘટશે? નવી ટેરિફ સિસ્ટમના કારણ સામાન્ય લોકોને થઇ શકે છે ફાયદો....

નવી દિલ્હી, તા.17

આગામી 1 જાન્યુઆરી, 2026થી દેશભરના CNG અને PNG વપરાશકર્તાઓ માટે રાહતના સમાચાર છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ(PNGRB) દ્વારા ગેસ ટ્રાન્સપોર્ટ ટેરિફના માળખામાં સુધારો કરવામાં આવતા ગેસના ભાવમાં પ્રતિ યુનિટ 2 થી 3 રૂપિયાનો ઘટાડો થઈ શકે છે. PNGRBના સભ્ય એ.કે. તિવારીએ જણાવ્યું હતું કે, બોર્ડે હાલની જટિલ ટેરિફ વ્યવસ્થાને સરળ બનાવી છે. અત્યાર સુધી અમલમાં રહેલી ત્રણ ઝોનની વ્યવસ્થાને નાબૂદ કરીને હવે માત્ર બે ઝોન કરવામાં આવ્યા છે. PNGRB દ્વારા જાહેર કરવામાં આવેલા નવા ટેરિફ માળખાના વિશ્લેષણ મુજબ, ગેસ ટ્રાન્સપોર્ટેશનના દરોમાં ધરખમ ફેરફાર જોવા મળી રહ્યો છે. અગાઉની વ્યવસ્થામાં 200 કિમી સુધીના અંતર માટે 42 રૂપિયાનો ટેરિફ હતો, જ્યારે 300થી 1,200 કિમી માટે 80 રૂપિયા અને 1,200 કિમીથી વધુ અંતર માટે 107 રૂપિયા ચૂકવવા પડતા હતા.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એલસી ગેટ્સને સિગ્નલિંગ સામગ્રી, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગનો ભાગ પુરવઠો**

**ટેન્ડર આમંત્રણ નોટિસ નં. – DRM-SnT-ADI-Sig 20 of 2025 – 26;** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યકારી DRM/S એન્ડ T **ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 20 of 2025-26** સામે ઇ-ટેન્ડરો આમંત્રિત કરે છે બંધ થવાની **તારીખ 16.01.2026, 15:00 કલાકે.** બિડર્સ તેમની મૂળ / સંશોધિત બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ જમા કરાવી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સની મંજૂરી નથી, અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઑફરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં;

(1) **કામનું નામ:** અમદાવાદ ડિવિઝનના પાલનપુર-સામખીયાળી સેકશનમાં વિવિધ એલસી ગેટ્સને દૂર કરવાના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રી, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગનો ભાગ પુરવઠો;

(2) **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 2,06,44,952.86/-; (રૂ. બે કરોડ છ લાખ ચુંમાલીસ હજાર નવસો બાવન રૂપિયા અને છ્યાસી પૈસા માત્ર)

(3) **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 2,53,200/-; (રૂ. બે લાખ ત્રેપન હજાર બસો માત્ર)

(4) **બંધ થવાની તારીખ અને સમય:** 16.01.2026 ના 15:00 કલાકથી મોડા નહીં;

(5) **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 16.01.2026 ના રોજ 15:30 કલાકે ખુલશે;

(6) **ઈ-ટેન્ડરીંગની વેબ સાઈટ:** www.ireps.gov.in ADI – 231

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલને રાહત મળતા કોંગ્રેસની પદયાત્રા

## અમદાવાદ ભાજપ-કાર્યાલય પર જતા નેતાઓને અટકાવાયા, પોલીસ-કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ








**અમદાવાદ, તા.17**

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને નેતા વિપક્ષ રાહુલ ગાંધીને કોર્ટ તરફથી રાહત મળતા રાજનીતિ ગરમાઈ છે. આ મુદ્દાને લઈ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ અમદાવાદમાં ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય પર જવાની તૈયારી કરતા પોલીસે અમિત ચાવડા સહિતના નેતાઓને ડીટેઈન કર્યા હતા. આ સમયે કાર્યકર્તા પોલીસ વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. અમિત ચાવડાએ કહ્યું હતું કે, કોંગ્રેસ અંગ્રેજો સામે લડી હતી અને ઝુકી નહોતી. હવે રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવા અંગ્રેજો સામે નવી લડાઈ શરૂ કરવામાં આવી છે. જેમાં પણ કોંગ્રેસ ક્યારેય ઝૂકશે નહીં.

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના સિનિયર નેતા અને દેશના વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કોર્ટ દ્વારા રાહત આપવામાં આવી હતી. જેને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે 'સત્યમેવ જયતે'ના નાદ સાથે પદયાત્રાનું આયોજન અમદાવાદના નેહરુબ્રિજ ખાતે કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ અને કાર્યકર્તાઓ પદયાત્રામાં જોડાયા હતા. શહેર અને પ્રદેશના નેતાઓ કાર્યકર્તાઓ સાથે ચાલતા ચાલતા નેહરુ બ્રિજથી ખાનપુર ભાજપ કાર્યાલય તરફ જઈ રહ્યા હતા. ખાનપુર નહેરુ બ્રિજના છેડા પાસે પહોંચતા પોલીસ દ્વારા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના નેતા શહેજાદખાન પઠાણ, કોંગ્રેસના નેતા શાહનવાજ શેખ સહિત કોર્પોરેટરો અને કાર્યકર્તાઓને પોલીસે આગળ જતા અટકાવ્યા હતા. પોલીસે ગાડીનો ડબ્બો આગળ ઉભો રાખી અને તમામ કોંગ્રેસના નેતાઓને કાર્યકર્તાઓની અટકાયત કરી લીધી હતી. કોંગ્રેસના કાર્યકર્તાઓને બળજબરીથી વાહનમાં બેસાડી અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓને પોલીસ સાથે થોડું ઘર્ષણ પણ થયું હતું. કોંગ્રેસના નેતાઓને કાર્યકર્તાઓ દ્વારા હાથમાં બેનરો લઈને પદયાત્રા યોજવામાં આવી હતી. સત્યમેવ જયતે, ભય વગરની રાજનીતિ કોંગ્રેસની ઓળખ, દેશ બંધારણથી ચાલશે સરકારી એજન્સીઓના દૂર ઉપયોગથી નહીં એવા બેનરો સાથે કોંગ્રેસ દ્વારા પદયાત્રા યોજવામાં આવી હતી. જોકે ખાનપુર ભાજપ કાર્યાલય સુધી રેલી પહોંચે તે પહેલા જ પોલીસ દ્વારા તેઓની અટકાયત કરી લેવામાં આવી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આ એ કોંગ્રેસ છે જે અંગ્રેજો સામે લડ્યા હતા અને ઝૂક્યા નહોતા. આ રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવા અંગ્રેજો સામે નવી લડાઈ શરૂ થઈ છે. આખરે સત્યનો વિજય થયો છે. ભાજપ સરકારની જે મેલી મનસા હતી તે બળ નથી આવી. આ આઝાદીની નવી લડાઈ છે. ડરાવવા ધમકાવવાની રાજનીતિ લાંબી નહીં ચાલે. આજે પણ લડીશું, કાલે પણ લડીશું. અમે ડરવાના અને ઝૂકવાના નથી.

## સગીરનું બાઈક સ્લીપ થતાં અકસ્માતમાં મોત : બેદરકારી અને ગફલતભરી રીતે બાઈક ચલાવતા સમા તળાવ પાસે અકસ્માત સર્જાયો

**વડોદરા, તા.17**



વડોદરા શહેરના સમા તળાવ પાસે ભારત પેટ્રોલ પંપ પહેલાં મોડી રાત્રે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સગીર હિતેન્દ્ર પિતાની બાઈક લઈને બહાર નીકળ્યો હતો અને સમા તળાવ પાસે જતાં પૂરપાટ ઝડપે અને બેદરકારી પૂર્વક વાહન ચલાવતાં બાઈક સ્લિપ થઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ગંભીર ઈજાઓને લઈ માથાના ભાગેથી લોહી વહી જતા ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

મૃતક હિતેન્દ્રના મોટાભાઈ રાહુલભાઈએ પોલીસમાં આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ કડેશ્વર હનુમાનજી મંદિર સામે, તુલસીવાડી, કારેલીબાગમાં રહે છે. તેમના પિતા રાજુભાઈ સવાભાઈ પરમાર ભંગારનો વેપાર કરે છે. ગઈકાલે રાત્રે જમીને હિતેન્દ્ર ક્યાંક ગયો હતો અને રાત્રે ઘરે પરત ન આવતાં તેને ફોન કર્યો હતો. મધરાતે 12:38 વાગ્યે હિતેન્દ્રએ ફોન ઉપાડીને કહ્યું કે, થોડીવારમાં ઘરે આવું છું, પરંતુ તે ન આવતાં ફરી 1:29 વાગ્યે ફોન કરતાં એમ્બ્યુલન્સના ડ્રાઈવરે ફોન ઉપાડ્યો અને જણાવ્યું કે, આ ફોનના માલિકનો સમા તળાવ પાસે ભારત પેટ્રોલ પંપ પહેલાં અકસ્માત થયો છે અને તે મૃત્યુ પામ્યો છે.

રાહુલભાઈ અને તેમના બીજા ભાઈ રોહિત તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં હિતેન્દ્ર માથાની ગંભીર ઈજાઓ સાથે મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ ગંભીર અકસ્માત સમા તળાવ સર્કલથી ઊર્મિ બ્રિજ તરફ જતા રસ્તા પર થયો હતો. આ ઘટનાએ પરિવારમાં શોકનું મોજું ફેરવી દીધું છે. સમા પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## PMના ફોટા પર શાહી લાગેલું પોસ્ટર તાત્કાલિક હટાવાયું...

### રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટ પૂર્વે અસામાજિક તત્વોનું કૃત્ય, બે મહિનામાં બે વાર મોદીના ફોટા પર શાહી લગાવાઈ




**રાજકોટ, તા.17**

રાજકોટમાં આગામી 10થી 12 જાન્યુઆરી દરમિયાન યોજાનાર સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારવાના છે, તે પૂર્વે ચૌધરી હાઈસ્કૂલ ચોક પાસે 'જાગો ગ્રાહક જાગો'ના પોસ્ટરમાં પીએમ મોદીના ફોટા પર શાહી લગાવવાની ઘટના સામે આવી હતી. દિવ્ય ભાસ્કર ડિજિટલ દ્વારા આ બાબત ધ્યાને આવતા કોર્પોરેશન દ્વારા તાત્કાલિક પોસ્ટર હટાવી દેવામાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા બે મહિનામાં બે વાર પીએમ મોદીના ફોટા પર શાહી લગાવવાની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે.

અગાઉ 15 ઓક્ટોબરે ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા રાજકોટની મુલાકાતે આવ્યા હતા ત્યારે બહુમાળી ચોક નજીક લગાવવામાં આવેલા એક બેનરમાં વડાપ્રધાન મોદીના ફોટા પર અજાણ્યા શખસે કાળી શાહી લગાવી હતી.

## અમિત શાહના લોકસભા વિસ્તારની જાણીતી સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતા અફરાતફરી....

### અમિત શાહ-લોરેન્સ બિશ્નોઈને પણ ટાર્ગેટ કરાશે; ગાંધીનગર સચિવાલયમાં ચેકિંગ કરાયું

**અમદાવાદ, તા.17**

અમદાવાદ, ગાંધીનગર, કલોલ શહેરની અલગ અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઝેબર ,ઝાયડસ, અગ્રસેન અને DAV ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત 19 જેટલી સ્કૂલોને ધમકીભર્યા ઈ-મેલ મળ્યા હતા. ધમકી મળતા જ સ્કૂલોમાં તપાસ શરૂ કરાઈ હતી. પોલીસ, ફાયર વિભાગ અને બોમ્બ-ડોગ સ્કવોડની ટીમ દ્વારા સ્કૂલોમાં તપાસ કરાઈ હતી. તમામ સ્કૂલોમાં તપાસ પૂર્ણ કરાઈ છે અને કોઈપણ સ્કૂલમાંથી સંદિગ્ધ વસ્તુ મળી નથી. ઉલ્લેખનીય છે કે ધમકીને લઈને અમદાવાદની કેટલીક સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી.



અમદાવાદની સ્કૂલોમાં ધમકીભર્યા મેલને લઈને ગાંધીનગર સચિવાલયમાં પણ સતર્કતાના ભાગરૂપે બોમ્બ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ કરાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં અમદાવાદની શાળાઓને બોમ્બની ધમકી મુદ્દે વિગતવાર ચર્ચા થઈ હતી. સરકારના પ્રવક્તા મંત્રી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયા સમક્ષ જણાવ્યું કે અમદાવાદની કેટલીક શાળાઓને ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસ તંત્રે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદ અને ગાંધીનગરની કુલ 19 સ્કૂલોને ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. જે તમામ સ્કૂલોમાં તપાસ પૂર્ણ કરાઈ હતી. તપાસના અંતે એક પણ સ્કૂલમાંથી સંદિગ્ધ વસ્તુ મળી નથી.

આ બાબતે અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ દરેક સ્કૂલને સંબંધિત પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરવા જણાવ્યું હતું.

અમદાવાદ ઝોન 1 DCP હર્ષદ પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ શહેરની અલગ અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેલ મળ્યા હતા. જેના પગલે સ્કૂલોમાં પોલીસ અધિકારીઓ પહોંચ્યા હતા. બોમ્બ સ્કવોડ અને ફાયરની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી હતી. કોઈપણ જગ્યાએથી શંકાસ્પદ વસ્તુ મળી નથી. જે ઈ-મેલ મોકલાયા છે.

## બીટકોઈનમાં ઈન્વેસ્ટમેન્ટના નામે ઠગાઈ : વડોદરામાં ટેલીગ્રામ પર યુવકનો સંપર્ક કરીને સાયબર ઠગે 2.18 લાખ રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી કરી

**વડોદરા, તા.17**

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા 25 વર્ષીય યુવક બિટકોઈનમાં રોકાણ કરવાની લાલચમાં ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બન્યો છે. અજાણ્યા ઠગે ટેલીગ્રામ એપ પરથી યુવકનો સંપર્ક સાધી નફાનું આશ્વાસન આપી કુલ રૂ. 2,18,500ની ઠગાઈ કરી છે. આ અંગે પીડિત યુવકે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ગત તા. 6 જૂન 2025ના રોજ સવારે આશરે 10.30 વાગ્યે યુવક ઘરે હાજર હતો. તેના મોબાઈલ ફોન પર ટેલીગ્રામ એપમાં 'Manish Rajput Mentor' નામના એકાઉન્ટ તરફથી મેસેજ આવ્યો હતો. મેસેજમાં લખ્યું હતું કે, 'હેલો, આઈ એમ ટીચર મનીષ રાજપુત. વેલકમ ટુ ધ કોઈનબેઝ એક્સચેન્જ પ્લેટફોર્મ. આર યુ હિયર ટુ કમ્પ્લીટ ધ ક્લિક ડેટા ટાસ્ક?'

યુવકને બિટકોઈનમાં રોકાણ કરવામાં રસ હોવાથી તેણે તે વ્યક્તિ સાથે ટેલીગ્રામ પર વાતચીત શરૂ કરી હતી. ઠગે યુવકને બિટકોઈનમાં રોકાણ કરવા માટે પૈસા મોકલવા જણાવ્યું હતું અને 'Ashok.232@superves' નામની યુપીઆઈ આઈડી આપી હતી. વિશ્વાસમાં લઈને યુવકે ગુગલ પે દ્વારા કુલ રૂ. 2,18,500ની રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી.

ઠગે યુવકને નફા સાથે પૈસા પરત કરવાનું વચન આપ્યું હતું, પરંતુ કોઈ રકમ પરત કરી ન હતી, ત્યારબાદ યુવકે સંપર્ક કરવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ ઠગે જવાબ આપ્યો નહોતો જેથી યુવકને ખ્યાલ આવ્યો કે તેની સાથે ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી છે. માંજલપુર પોલીસે યુવકની ફરિયાદના આધારે અશોક સુપરયસ નામની આઈના ધારક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

## સ્વીપર મશીન કચરો સાફ કરવાને બદલે ફેલાવતું દેખાયું

### અધિકારીઓએ કહ્યું-'ગાર્ડન વેસ્ટ ઝાડની ડાળી ફસાવાથી ટેકનિકલ ખામી સર્જાઈ', વિપક્ષનો પૈસાનો વેડફાટ-ભ્રષ્ટાચારનો આક્ષેપ

**સુરત, તા.17**

સુરત શહેરને સ્વચ્છતામાં મોખરે રાખવાના મહાનગરપાલિકાના દાવાઓ સામે કતારગામ વિસ્તારમાં ગંભીર સવાલો ઉભા થયા છે. પાલિકાએ કરોડો રૂપિયાના ખર્ચે વસાવેલા આધુનિક સ્વીપર મશીનો અત્યારે વિવાદનું કેન્દ્ર બન્યા છે. કતારગામમાં રાત્રિ સફાઈ દરમિયાન એક મશીન કચરો એકઠો કરવાને બદલે રસ્તા પર પાછળની તરફ ફેંકી રહ્યું હોય તેવો વિડીયો વાયરલ થતા પાલિકાની કામગીરી પર પસ્તાળ પડી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ રાખવા માટે કરોડોના ખર્ચે વસાવવામાં આવેલી મશીનરી હવે વિવાદના વમળમાં ફસાઈ છે, જ્યાં કતારગામની અંકુર ચોકડી પાસે સફાઈ કરવાને બદલે રસ્તા પર કચરો ફંગોળતી સ્વીપર ગાડીના વરવા દ્રશ્યો સામે આવ્યા છે. પાલિકાએ અંદાજે 21 કરોડના ખર્ચે 16 મશીનો ખરીદ્યા છે અને અત્યાર સુધીમાં તેના સંચાલન પેટે 265 કરોડ રૂપિયા જેવી માતબર રકમનું ભાડું ચૂકવ્યું હોવા છતાં, આ પ્રકારે 'વેઠ' ઉતારતી કામગીરીથી કરોડો રૂપિયાનું કૌભાંડ થઈ રહ્યું હોય તેવા આક્ષેપો ઉઠ્યા છે. સફાઈ ગાડી હવે 'કચરો ફેલાવ ગાડી' બની ગઈ હોય તેમ લાગતા, સ્થાનિકો અને વિપક્ષ દ્વારા આ બેદરકાર



કોન્ટ્રાક્ટર વિરુદ્ધ મ્યુનિસિપલ કમિશનર કડક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી છે. આ મામલે વિપક્ષી કોર્પોરેટર મહેશ અણઘણે વિડીયો પુરાવા સાથે આક્રમક તેવર બતાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર 'વેઠ' ઉતારવામાં આવી રહી છે. મશીનરી પાછળ કરોડોનો ધુમાડો કરવા છતાં જો રસ્તા પર કચરો ફંગોળાતો હોય, તો આ સફાઈ નહીં પણ માત્ર કૌભાંડ છે. વધુમાં, સફાઈ સમયે પૂરતો સ્ટાફ હાજર ન હોવાની અને સુપરવિઝનના અભાવની પણ ગંભીર ફરિયાદ ઉઠી છે. વિવાદ વધતા પાલિકાના અધિકારીઓએ બચાવ પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે, આ વિડીયો બે દિવસ અગાઉનો છે. અધિકારીઓના મતે, રસ્તા પર પડેલા ગાર્ડન વેસ્ટ ઝાડની ડાળી મશીનમાં ફસાઈ જવાથી ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આ લાકડું ફસાવાને કારણે મશીનનું બ્રશ ઉલટું ફરી ગયું હતું અને અંદાજે 100 મીટર સુધી કચરો બહાર ફેંકાયો હતો. જોકે, ડ્રાઈવરને ખ્યાલ આવતા જ આ ખામી સુધારી લેવામાં આવી હતી તેવો દાવો પણ કરાયો છે.

આ ઘટનાએ પાલિકાના રાત્રિ સફાઈ અભિયાનની નબળી કડીઓ ખુલ્લી પાડી દીધી છે. અગાઉ પણ સફાઈ કામદારોના હાજરી કૌભાંડો બહાર આવી ચૂક્યા છે, ત્યારે હવે મશીનરી દ્વારા થતી સફાઈમાં પણ બેદરકારી સામે આવતા જનતામાં રોષ જોવા મળી રહ્યો છે. કરોડોના કોન્ટ્રાક્ટ આપ્યા બાદ શું ખરેખર અધિકારીઓ સ્થળ પર જઈને ગુણવત્તા તપાસે છે કે કેમ, તે એક મોટો પ્રશ્ન છે.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉંખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર